Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી જૈન સત્ય પ્રકાશ

વર્ષ ૧૫ : અંક ૧૧] તા. ૧૫-૮-૫૦ : અમદાવાદ [ક્રમાંક : ૧૭૯

તંત્રી
ચીમનલાલ ગોકળદાસ શાહ

विषय-दर्शन

	વિષય	લેખક	પૃષ્ઠ
૧.	પ્રાચીન સંતવાણી	શ્રી. અંબાલાલ પ્રે. શાહ	૨૨૫
૨.	વિદિશા અને સાંચીના સ્તૂપો	પૂ. મુ. શ્રી. દર્શનવિજયજી	૨૨૭
૩.	શ્રી. વર્માજીનું નાટક હંસ-મયૂર એક આલોચના	શ્રી. જયભિખ્ખુ	૨૨૯
૪.	પ્રતીકાર ને પ્રત્યુત્તર	પૂ. મુ. શ્રી. ન્યાયવિજયજી	૨૪૩
૫	વ્રતપાલન	અં.	૨૪૫
૬.	સમિતિના ચાર પૂજ્યોનાં ચાતુર્માસ સ્થળ	ટાઈટલ પેજ	૨
૭.	સુભાષિત	,,	૨
૮.	૨૦૦૦ વર્ષની પ્રાચીન સંસ્કૃતિના અવશેષો	,,	૩
૯.	ગ્રંથ-સ્વીકાર		૩

ACHARYA SRI KAILASSAGARSURI GYANMANDIR
SHREE MAHAVIR JAIN ARADHANA KENDRA
Koba, Gandhinagar - 382 007.
Ph. : (079) 23276252, 23276204-05
Fax : (079) 23276249

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સમિતિના ચાર પૂજ્યોનાં ચતુર્માસ-સ્થળ

૧. પરમપૂજ્ય આચાર્ય મહારાજ શ્રીવિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજ.
ઠે. જૈન મંદિર, ૬૫૭ સાચાવીર-સ્ટ્રીટ, પૂના કેંપ. ૨.

૨. પરમપૂજ્ય આચાર્ય મહારાજ શ્રીવિજયલાવણ્યસૂરીશ્વરજી મહારાજ.
ઠે. માયલાકોટ, વેરાવલ બંદર (સૌરાષ્ટ્ર)

૩. પરમપૂજ્ય મુનિરાજ શ્રીવિદ્યાવિજયજી મહારાજ.
શિવપુરી, (ગ્વાલિયર સ્ટેટ)

૪. પરમપૂજ્ય મુનિરાજ શ્રીદર્શનવિજયજી મહારાજ. (ત્રિપુટી)
ઠે. જૈન ઉપાશ્રય, નાગજી-ભૂધરની પોળ—માંડવીની પોળમાં. અમદાવાદ.

★

સુભાષિત

रागो य दोसो वि य कम्मबीयं,
कम्मं च मोहप्पभवं वयन्ति।
कम्मं च जाईमरणस्स मूलं,
दुःखं च जाईमरणं वयन्ति॥

—રાગ અને દ્વેષ એ બે કર્મના બીજ છે. તે કર્મ મોહથી ઉત્પન્ન થાય છે. આ કર્મ જ જન્મ મરણનું મૂળ છે. અને જન્મ મરણ એ જ દુઃખ ઉત્પન્ન થવાનો હેતુ કહેવાય છે.

—ઉત્તરાધ્યયન સૂત્ર.

*

अत्थि सत्थं परेण परं;
नत्थि असत्थं परेण परं॥

—દુનિયામાં ઘાતક હથિયારો એકથી એક વધીને હોય છે; અશસ્ત્રહિતપણું એ જ શાંતિનો એક માર્ગ છે. —આચારાંગ

*

सव्वाओ पमत्तस्स भयं;
सव्वाओ अपमत्तस्स नत्थि भयं॥

—પ્રમાદીને ચારે બાજુએ ભય ને ભય દેખાય છે. જે અપ્રમાદી હોય છે તેને કંઈ પણ ભય હોતો નથી.

*

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

॥ ॐ अर्हम् ॥

अखिल भारतवर्षीय जैन श्वेताम्बर मूर्तिपूजक
मुनिसम्मेलन संस्थापित

श्री जैनधर्म सत्यप्रकाशक समितिनुं मासिक मुखपत्र

जेशिंगभाईनी वाडी : घीकांटा रोड : अमदावाद (गुजरात)

वर्ष : १५	વિક્રમ સં. ૨૦૦૬ : વીરનિ. સં. ૨૪૭૬ : ઈ. સ. ૧૯૫૦	क्रमांक
अंक : ११	શ્રાવણ સુદિ ૨ : મંગળવાર : ૧૫ ઑગષ્ટ	૧૭૯

પ્રાચીન સંતવાણી

સંપાદક : શ્રીયુત અંબાલાલ પ્રેમચંદ શાહ

લોકસાહિત્યના પ્રાચીન અવશેષોમાંથી જ્યારે સંતોના અનુભવબોલ હાથ લાગી જાય છે અને જે આહ્‌લાદ ઉપજે છે એનું વર્ણન કરી શકાતું નથી. આવી અનુભવવાણીના એક પ્રાચીન હસ્તલિખિત પત્રના આધારે દૂહાઓ અહીં આપવામાં આવ્યા છે. આ દૂહાઓ એક જ અનુભવીની કૃતિ નહીં હોય. તેની રચનામાં ગુજરાતી અને અપભ્રંશ ભાષાનું મિશ્રણ છે. તેમાં વ્યાકરણ અને છંદની અશુદ્ધિઓ મળી રહે. છતાં કુદરતી રીતે જ હૃદયમાંથી નીકળી પડેલાં સુગંધી પુષ્પો જેવા આ દૂહાઓ સર્વજનસુલભ બને અને એમાં પ્રયોગોની કૃત્રિમતા આવી ન જાય એવું ધ્યાન રખાયું લાગે છે. આ દૂહાઓ એવા જ કોઈક સંતની અનુભવવાણીના છે. બધાય જુદા જુદા વિચારના રંગબેરંગી કુસુમો જેવા છે. તેની સૌરભ સહુ કોઈને આહ્‌લાદ ઉપજાવે તેવી છે. આમાં સજ્જન–દુર્જન, કર્તવ્ય–અકર્તવ્ય, અને માનવ સ્વભાવની ગતિવિધિ, જુદા જુદા પ્રસંગો અને સ્થિતિનું ચિત્રણ ન્યાયની ભાષાના વ્યાપ્તિજ્ઞાન જેવું મળી રહે છે.

જીવનનો પ્રવાહ ક્યાંઈ અનુપયોગી માર્ગે અટવાઈ ન જાય તેની માનવોચિત સમયસૂચકતાનો બોધપાઠ આવી વાણીમાંથી મળી જાય છે. મનુષ્ય જો આવા ઉપદેશનો ઉપયોગ કરવાનો વિવેક દાખવે તો જીવનમાં ભાગ્યે જ હતાશ થવાનો પ્રસંગ સાંપડે. વસ્તુતઃ પ્રત્યેક બાબતમાં વિવેકબુદ્ધિની જરૂર પડે જ છે. કેટલીક વિગતો તો આપણા નિત્યજીવનમાં પ્રત્યેક ક્ષણે સ્પર્શે છે, છતાં તેનો ખ્યાલ આપણને હોતો નથી. એ વિગતો તરફ વિવેકભરી આંગળી ચીંધવાનું પુણ્ય આવી વાણીને આભારી બને છે. ચાલો, આપણે એ અનુભવવાણીનું રસપાન કરીએ :

૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઉત્તમ અતિહિ પરાભવિઉ, હીઅડઈ ન ધરઈ ડંસ;
છેદિઉ ભેદિઉ ફૂહવિઉ, મધુરઉ વાજઈ વંસ. ૧
ઉત્તમ કેરઉ કોપ જિમ, અધમહ તણઉ સનેહ;
પહિલઉં દીસઇ અતિઘણઉ, પાછઈ દાખઈ છેહ. ૨
મૂલ નહીં તે માણુસહ, દૂધ સરીખું જેહ;
સંતાવિઉં દુજ્જણુ મિલિઉં, મથિઉં દિખાડઈ નેહ. ૩
આંબુ સદાફલ રસ બહુલ, છાયા બહુલ સપત્ત;
તેહઇ જુંવણિ ખાટપણુ, માણુસ કેહી મત્ત. ૪
હંસા પરિભવ કિમ સહઈં, અમરિસ જેહ સરીરિ;
નીમાણા બગ બપ્પડા, ક્ષણિ જાઈં ક્ષણિ તીરિ. ૫
ગુંજાહલ મન ગવ્વ કરિ, તોલિ મ અપ્પ સમાણુ;
અગ્ગિ મજ્ઝિ જઉ પઈસીઈં, તુ લબ્ભઈ પરમાણુ. ૬
જાણુપણઉં નયણે વસઈં, જે પરાભવ જાણુંતિ;
દુજ્જણુ દીઠઈં દૂમીઈં, સજ્જણિ નેહ ધરંતિ. ૭
વડુ હઉઉ વાહર મિલી, ગલી ગિયાં સવિ અંગ;
પાપતણાં ફલ ભોગવઈં, તઉ હૂ તેહ જિ રંગ. ૮
અવસર પિકખવિ ધમ્મ કરિ, લીજઈ જુવ્વણુ લાહ;
જુ જિમ દેસિઇ દીહડા, તઉ જર દેસિઈ દાહ. ૯
જિહિં પરિમલ તિહિં તુચ્છ દલ, જિહિં દલ સોઅ નિગંધ;
રે ચંપા તું તિન્નિ ગુણ; સદલ સરૂવ સુગંધ;. ૧૦
સરસ જિમણુ જીવીય રયણુ, પીયદંસણુ વયણાઈં;
એ નિત નિત સેવીઈં, તરે હૂ ત્રિપતિ ન થાઈં ૧૧
વૈશ્વાનર તું પાપીઉં, તુઝ રાંધિઉં કુણુ ખાઇ;
જે સાજણુ મજ્ઝ વલ્લહાં, તે બાલ્યાં તુઝ માહિ. ૧૨
હું અગનિ નહીં પાપીઉ, મઝ રાંધિઉં જગ ખાઇ;
જુ તુ સજ્જણુ વલ્લહાં, તુ તુ સાથિઈં જાઈં. ૧૩
સઘલા માસ સોહામણા, પુણુ વઈસાહ ન તુલ્લ,
જે હવિ દદ્ધાં રુંખડાં, તિહાં તે મત્થઈ ફુલ્લ. ૧૪
કંટાલા ઉહ્લાણુ, જસ ઘરિ ઈછ્છ ન જાઉ;
પગિ પગિ જૂની વાડિ જિમ, મત્થઈ દિજ્જઈ પાઉ. ૧૫

[અપૂર્ણ]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વિદિશા અને સાંચીના સ્તૂપો

*

લેખક : પૂજ્ય મુનિરાજ શ્રીદર્શનવિજયજી (ત્રિપુટી)

શોધખોળની દિશામાં જેમ જેમ પ્રગતિ થતી જાય છે તેમ તેમ જૈન ગ્રંથોની પ્રામાણિકતા પુરવાર થતી જાય છે. એક સમય એવો હતો જ્યારે ભારતમાંથી મળી આવેલા સમગ્ર સ્તૂપો અને ગુફાઓ બૌદ્ધોની જ છે એવી માન્યતા ઠસાવવાનો પ્રયત્ન થયો હતો. પણ મથુરાનો અને રામનગરનો જૈન સ્તૂપ મળી આવ્યા પછી પુરાતત્ત્વવેત્તાઓને એ માન્યતા ધરમૂળથી બદલવી પડી અને બૌદ્ધો કરતાં જૈનોમાં સ્તૂપ રચનાની કળા પ્રાચીન કાળથી ચાલી આવે છે એમ જાહેર કરવું પડ્યું. આવા જ એક 'સાંચી સ્તૂપ' વિશેની માહિતી અહીં ઐતિહાસિક પ્રમાણ સાથે રજુ કરવામાં આવે છે.

માલવપતિ અવંતીષેણ અને કૌશાંબીપતિ મણિપ્રભ બંને ભાઈઓ હતા પરંતુ તેઓ તેમના આ સગપણથી તદ્દન અજ્ઞાત હતા. તેમની માતા ધારિણીએ પોતાના સતીત્વની રક્ષા માટે દીક્ષા લીધા પછી એ બંને ભાઈઓનો પરિચય કરાવવાનો પ્રસંગ તેમને સાંપડ્યો નહોતો. એ પ્રસંગ અચાનક આવી પડ્યો.

માલવા અને કૌશાંબીને પરાપૂર્વથી વેર ચાલ્યું આવતું હતું આથી જ્યારે મણિપ્રભ રાજાએ માલવપતિ અવંતીષેણ ઉપર ચડાઈ કરી ત્યારે ધારિણીને ખબર પડતાં તેણે બંને ભાઈઓનો પરિચય આપી એ યુદ્ધ અટકાવ્યું એટલું જ નહિ એ બંને રાજાઓ મિત્રરાજ્યો તરીકે જાણીતાં થયાં. એ સમયે સાંચીમાં 'સમાધિસ્તૂપ' ઊભો કરવામાં આવ્યો હતો એવો ઉલ્લેખ જૈનોના પ્રાચીન ગ્રંથ 'આવશ્ય નિર્યુક્તિ'માંથી મળી આવે છે.

આ૦ જમ્બૂસ્વામીના બે શ્રમણોએ અનશન કરવાનો વિચાર કર્યો. એક મુનિએ માનસ–માનની ભાવનાથી કૌશાંબીમાં જનતાની નજર પડે તે સ્થાનમાં અનશન કર્યું પરંતુ તે દિવસોમાં જ અવંતીષેણે કૌશાંબીને ઘેરો ઘાલ્યો એટલે તેમને મનની મનમાં રહી ગઈ. માન–સન્માન તો ઠીક પરંતુ સ્વર્ગે ગયા પછી તેમના શરીરને પણ પ્રજાએ દૂરથી કિલ્લા બહાર ફેંકી દીધું અને એ સત્કાર–સન્માનની ભાવનાનો આવો કરુણ અંત આવ્યો.

બીજા શ્રમણે માળવાની સરહદ પર આવેલી વત્સિકા નદીને કાંઠે પહાડીની તળેટીમાં કોઈ ન જાણી શકે તેવા અજ્ઞાત સ્થાનમાં અનશન કર્યું. રાજા અવંતીષેણ, રાજા મણિપ્રભ અને તેની માતા સાધ્વી ધારિણી ઉજ્જૈન જતાં અહીં આવ્યાં ત્યારે તેઓ આ તપસ્વી મુનિવરને જોઈ એમની ભક્તિ માટે અહીં રોકાઈ ગયાં. તેમણે એ મુનિવરનાં માન–સન્માન કર્યાં. એ ધર્મઘોષ મુનિવર કાલધર્મ પામ્યા એટલે તેમનો સ્વર્ગગમન મહોત્સવ કર્યો અને પછી તે સ્થાને મોટા વિસ્તારવાળો વિશાળ સમાધિસ્તૂપ બનાવ્યો.

('આવશ્યક નિ૦' ગા૦ ૧૨૮૭ ની ટીકા)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આ સાંચીનો સ્તૂપ ભીલ્સાની નૈઋત્યે ૬ માઈલ પર જીર્ણશીર્ણ દશામાં વિદ્યમાન છે.

દર્શાણુ દેશમાં વિદિશા નગરી હતી, જે પશ્ચિમ દશાર્ણ દેશની રાજધાની હતી. તેનાં તથા તેના પરાનાં વિદિશા, ચેતિયગિરિ અને ભદ્દલપુર એમ અનેક નામો મળે છે. માલવરાજ ચંડપ્રદ્યોતે વિદિશાની વાયવ્યમાં ભગવાન મહાવીરસ્વામીનું દેરાસર બનાવી તેમાં જીવિતસ્વામીની પ્રતિમા સ્થાપી હતી અને ભાઈલ્લ વગેરે વ્યાપારીઓને બોલાવી મોટું પરું વસાવ્યું હતું, જેનાં પાછળથી વેસવાડી (વૈશ્યપાટી), વેશનગર, ભાઈલ્લ, ભદ્દલપુર, ભાદ્રપદ, ચેઈયગિરિ (ચૈત્યનગર) અને ભીલ્સા ઈત્યાદિ નામો મળે છે.

સમ્રાટ અશોકના સમયે દશાર્ણ દેશની રાજધાની ચેતિયગિરિમાં હતી. ચૌદ પૂર્વધારી આ૦ ભદ્રબાહુસ્વામી ભદ્દલપુર યાને ભાદ્રપદની બહાર વડ નીચે સમાધિ લઈ સ્વર્ગે ગયા હતા. આ૦ જસભદ્રના શિષ્યો ભદ્દલપુરની આસપાસ વિચરતા હતા. તેમનાં ભદ્દિજ્જિયા શાખા અને ભદ્રગુપ્ત કુલ જાહેર થયાં છે. સંભવ છે કે વેસવાડીય ગણનું ઉત્પત્તિસ્થાન વેસનગર હોય. વિદિશાથી લગભગ ૪ માઈલ પર ઉદયગિરિ નામની પહાડી છે. તેમાં ૨૦ જૈન ગુફાઓ છે અને ૨૦મી ગુફામાં એક જૈન લેખ છે તે આ પ્રમાણે છે:

(१) नमः सिद्धेभ्यः ॥

श्रीसंयुतानां गुणतोयधीनां, गुप्तान्वयानां नृपसत्तमानाम् ।
(२) राज्ये कुलस्याधिविवर्द्धमाने षड्भिर्युतैर्वर्षशतेथ मासे ॥
सुकार्तिके बहुलदिनेथ पंचमे, (३) गुहामुखे स्फुटविकटोत्कटामिमाम् ।
जितद्विषो जिनवरपार्श्वसंज्ञिकां, जिनाकृतिं शमदमवान(४)चीकरत् ॥
आचार्यभद्रान्वयभूषणस्य, शिष्यो ह्यसावार्यकुलोद्भवस्य ।
आचार्यगोश(५)र्ममुनेस्सुतोस्तु. पद्मावताऽश्वपतेर्भटस्य ॥
परैरजेयस्य रिपुघ्नमानिनः ससंघिल(६)स्येत्यभिविश्रुतो भुवि ।
स्वसंज्ञया शंकरनामशब्दितो, विधानयुक्तं यतिमार्गमास्थितः ॥
(७) स उत्तराणां सदृशे कुरूणां, उदग्दिशादेशवरे प्रसूतः ।
(८) क्षयाय कर्मारिगणस्य धीमान्, यदत्र पुण्यं तदपाससर्ज्ज ॥

ભદ્રાર્ય શાખા અને ભદ્રાર્યકુલમાં આ૦ ગોશર્મ થયા, જે પદ્માવત અશ્વસૈન્યના માલિક, મહાસુભટ, યુદ્ધવીર, શત્રુને હંફાવનાર, ટેકિલા, અને જનસમૂહમાં માન્ય હતા. તેમના પુત્ર તેમજ શિષ્ય મુનિ શંકરે આ ગુફામાં ગુપ્ત સં. ૧૦૬માં ભગવાન પાર્શ્વનાથની પ્રતિષ્ઠા કરવી. (ફ્લીટ-'ગુપ્ત-અભિલેખ' પૃ૦ ૨૫૦, 'અનેકાંત' વ૦ ૧૦, કિ૦ ૩, પૃ૦ ૧૦૬)

વિદિશાથી ૬ માઈલ નૈઋત્યમાં 'સાંચીનો' સ્તૂપ છે.

આ રીતે વિદિશાની આસપાસ અનેક પ્રાચીન સ્થાનો છે, પહાડીઓ છે, જૈન ગુફાઓ છે અને ૬૦ જેટલા સ્તૂપો છે. એકંદરે આ સ્થળ પ્રાચીન જૈન તીર્થભૂમિ છે.

જૈનોએ ભારતમાં વિક્રમની દશમી સદી સુધી મોટા સ્તૂપ તથા સ્તંભો બનાવ્યા છે ત્યાર પછી એ કળા લુપ્ત થઈ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મહાન કાલકાચાર્ય ને સાધ્વી સરસ્વતીના ઉજ્જવળ ચરિત્રને લાંછના લગાડતું, સાંપ્રદાયિક દ્વેષ ને ઇતિહાસની વિકૃતિથી ભરેલું

શ્રી વર્માજીનું નાટક હંસ-મયૂર

[એક ઐતિહાસિક ને સાંસ્કૃતિક આલોચના]

લેખક : શ્રીયુત જયભિખ્ખુ

આર્યાવર્ત આધ્યાત્મિક દેશ છે. આર્ય સંસ્કૃતિના પાયારૂપ એના સંતપુરુષો-ઋષિમહર્ષિઓની સાધકતા ને સતી સ્ત્રીઓનાં શીલ છે. એ સાધકતાની અને સતીઓનાં શીલની જ્યારે અવગણના થાય છે, ત્યારે નિર્બળમાં નિર્બળ ભારતવાસી પણ આગનો ભડકો બની બેસે છે. પરદેશમાં દેશના વિજય માટે સ્ત્રીઓ કોઈકવાર પોતાના સ્ત્રીત્વનો-શિયળનો -ભોગ આપવામાં દેશભક્તિ અનુભવે છે, જ્યારે હિંદમાં સ્ત્રીના શિયળનો સમસ્ત દેશની કિંમતથી પણ સોદો થતો નથી. સતી પદ્મિની જેવાં અનેક દૃષ્ટાંતો આપણે ત્યાં મોજૂદ છે. **धर्मो रक्षति रक्षितः।** ધર્મનું રક્ષણ કરનારનું જ ધર્મ રક્ષણ કરે છે, એ આપણું પ્રાચીન સૂત્ર હતું અને છે.

આજથી બે હજાર વર્ષ પહેલાં ઉજ્જૈનના રાજન્ય અથવા રાજા ગર્દભિલ્લે એક સાધુની સાધકતાની અને એક ભિક્ષુણી સ્ત્રીના શીલની આવી અવગણના કરી. સરસ્વતી નામની જૈન સાધ્વીને ખૂબસૂરત જોઈ એ પોતાના અંતઃપુરમાં ઉઠાવી ગયો. ધર્મની દુહાઈ, માનવતાની યાદ ને દયાની ભીખ:–આ બધાને અભિમાની રાજાએ ઠોકરે માર્યાં. આ અત્યાચારી શક્તિ સામે મંત્રીમંડળ, સામંતવર્ગ, મહાજન-બળ ને પ્રજાશક્તિએ શિર ઉઠાવવાની હિંમત ન કરી, બલ્કે એ અધર્મ તરફ આંખમીંચામણાં કરવાની તરફદારી કરી. આર્યાવર્તના કોઈ રાજ્યે કે રાજાએ એ સ્ત્રી-બળાત્કાર ને ધર્મવિદ્વેષ સામે વિરોધનો સૂર પણ ન કાઢ્યો: ત્યારે,–પૃથ્વી પર ઉભરાયેલા આ પાપને શાન્ત કરવા એક સમર્થ સાધુએ પોતાની સાધુતાને હોડમાં મૂકી. અધર્મની, અનાચારની જડ ખોદી નાખવા, મદાંધ વ્યભિચારી રાજાની સાન ઠેકાણે આણવા, શાન્તિ ને સુખની જિંદગીને હરામ કરી. એણે એકલાએ કેડ બીડી. એ ક્ષત્રિયવંશોત્પન્નને એના ભાણેજ ભરૂચના રાજા બલમિત્ર-ભાનુમિત્રે પણ સાથ ન આપ્યો. આખા રાષ્ટ્રમાં વ્યાપી ગયેલા અધર્મના આવડા મોટા આતંકને મિટાવવા માત્ર એક જ સાધુવર્ય બહાર પડ્યા. એ સાધુવર્યનું પુણ્ય નામ આર્ય કાલક. પોતાની પ્રખર તેજસ્વિતાથી આર્ય કાલક ઇતિહાસમાં એક અને અજોડ છે. આર્ય ધર્મના પૂજારીઓમાં એમનું સ્થાન ઉચ્ચ છે.

સૂર્ય જેવું જ્વલંત શૌર્ય અને ચંદ્ર જેવી સંયમપ્રતિભા, વજ્ર જેવો ખડતલ દેહ, ને વડવાનલ જેવી આયુધ શક્તિ, વજ્રાંગ બ્રહ્મચર્યથી સાધ્ય કરેલી મંત્રશક્તિ, એક હાથમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વિષ્ણુતત્ત્વ ને બીજા હાથમાં રુદ્રતત્ત્વ લઈ કાર્ય સાધનાર સાધુરાજ આર્યકાલક વિષે ઘણું લખાયું છે. યૂરોપીય વિદ્વાનોએ પણ તેમના વિષે પોતાની સંશોધક લેખિની ચલાવી છે, પણ શોકની બીના એ છે, કે કેટલાક ભારતીય વિદ્વાનોએ જ્યારે તેમના વિષે પોતાની લેખિનીને પ્રવૃત્ત કરી છે, ત્યારે આ મહાન વિભૂતિને ભારે અન્યાય કર્યો છે. યૂરોપીય વિદ્વાનો જે આક્ષેપ નથી કરી શક્યા, તે આક્ષેપ આ વિદ્વાનોએ—અલબત્ત તેઓની સંખ્યા સાવ અલ્પ છે—કર્યો છે. તેમને 'રાજદ્રોહી' ચિતરતાં તેઓ શરમાયા નથી.

અમર નેતાજીની યાદ

પણ આપણા સારા નસીબે સ્વનામધન્ય અમર નેતાજી સુભાષબાબુનો ઇતિહાસ આજે જીવતો જાગતો આપણી નજર સામે છે. એટલે આર્ય કાલકને ન્યાય આપવા માટે આપણે બીજાં દૃષ્ટાંતો ખોજવા જવું નહિ પડે. આપણે એ જાણીએ છીએ, કે જ્યારે હિંદમાંની અત્યાચારી સરકારને દૂર કરવા માટે 'અલ્ટીમેટમ' આપી દેવાની તેમની વાતને હાસ્યાસ્પદ ઠેરવવામાં આવી, તેઓને સાથ આપવાની સમગ્ર પ્રજાએ ના ભણી, ત્યારે તેઓ પોતાના જીવના જોખમે છૂપે વેશે હિંદમાંથી અદૃશ્ય થઈ પરદેશ પહોંચ્યા—જર્મની અને જાપાન ગયા. ને તે લોકોની તમામ પ્રકારની સહાય લઈ દેશના ઉદ્ધાર માટે એક સ્વદેશ-વત્સલ વીરને શોભે તેવી ઝુંબેશ ઉઠાવી.

સુભાષબાબુના આ દૃષ્ટાંતને સમજનારા જ્યારે આર્યકાલક વિષે ભ્રમપૂર્ણ વિધાનો કરવા તત્પર થાય છે, ત્યારે ભારે દુઃખ સાથે આશ્ચર્ય થાય છે. અને ત્યારે આપણા લોહી સાથે ભળી ગયેલ સ્વ–સંપ્રદાય તરફ પ્રેમ ને પર-સંપ્રદાય પરત્વે દ્વેષનો જૂનો વારસો કેટલાક લેખકોમાં હજીય જીવતોજાગતો જોવા મળે છે. એમ ન હોત તો ગુજરાતના મહાન જ્યોતિર્ધર કલિકાલસર્વજ્ઞ શ્રી. હેમચંદ્રાચાર્યને જેમ ગૂજરાતની જ ઘણી લેખિનીઓએ અન્યાય આપી – ઇતિહાસથી અસંમત તેજોદ્વેષપૂર્ણ ચિત્રણ કર્યું—એ રીતે ઉત્તર ભારતના કેટલાક જાણીતા લેખકોએ આર્ય કાલક વિષે અનેક જાતના ગપગોળા હાંકી–એક મહાન પ્રજાના વીરને અન્યાય કર્યો ન હોત, બલ્કે પ્રજામાં પ્રવૃત્ત બનેલી કર્તવ્યભીરુતાને જગાડનાર વીર તરીકે તેમનું સન્માન કર્યું હોત. આધ્યાત્મિક શકિતને રાજકીય પ્રભાવની દાસી માનનાર આ લેખકોએ સમજવું જોઈએ કે શાસન એ પ્રજાના સુખ માટે છે, શાન્તિ માટે છે, સલામતી માટે છે. આ ત્રિવિધ ધર્મથી જે ચુકે એ શાસન શાસન નથી, રાજા રાજા નથી, અને તેની સામે બળવો કરવો એ પ્રત્યેક સુજ્ઞ પ્રજાજનની એક ફરજ થઈ પડે છે. અસ્તુ.

કુત્સિત પ્રયત્નોની કોટિમાં અગ્રગણ્ય ગ્રંથ

આટલા પ્રાસ્તાવિક વિવેચન પછી–આપણે પ્રસ્તુત વિષય પર આવીશું. મહાન જ્યોતિર્ધર આર્ય કાલકને પ્રજા સમક્ષ રજૂ કરવાના પ્રયત્નોમાં 'રેડિયો–નાટિકા' નો બનાવ ટૂંક સમય પહેલાંનો અને તાજો જ છે. પણ અહીં જેની ચર્ચા પ્રસ્તુત છે તે हंस-मयूर નામક હિંદીભાષાના નાટક દ્વારા થયેલો પ્રયત્ન તો તે પ્રકારના કુત્સિત પ્રયત્નોની કોટિમાં અગ્રસ્થાને બિરાજે તેવો છે. હિન્દી સાહિત્યમાં જાણીતા બનેલા 'हंस-मयूर' નામના આ ઐતિહાસિક નાટકગ્રંથના લેખક, અનેક અન્ય પ્રસિદ્ધ પુસ્તકોના કર્તા શ્રી. વૃંદાવનલાલ વર્મા નામના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

'એડવોકેટ' છે. (કુદરતની કરુણતા એ છે, કે ગૂજરાતના એક લબ્ધપ્રતિષ્ઠ એડવોકેટે આચાર્ય હેમચંદ્ર અને એ કાળના જૈન નરોત્તમોને અન્યાય કર્યો. આ બીજા એડવોકેટે એમાં નામ નોંધાવ્યું.) આ તખ્તાલાયકીવાળો-રંગભૂમિ પર ભજવી શકાય એવા નાટકને ગ્રંથ છે. ને ફિલ્મ બનાવવાના સર્વ હક્ક લેખકે સ્વાધીન રાખ્યા છે. આ ગ્રંથના પ્રકાશક પણ એક કાયદાશાસ્ત્રી છે, નામ સત્યદેવ વર્મા B. A. L L. B.: પ્રકાશન સ્થળ મયૂરપ્રકાશન; ઝાંસી છે. પુસ્તક પ્રથમવાર ૧૯૪૮માં પ્રગટ થયું હતું, અહીં નજર સામે રહેલું પુસ્તક તેની ૧૯૪૯માં પ્રગટ થયેલ ત્રીજી આવૃતિ છે કીંમત સવા બે રૂપિયા છે. ને કાઉન સોળપેજી-૧૭૦ પાનાંમાં સમાયેલું છે.

કોઈ પણ નવીન ઐતિહાસિક ગ્રંથનો લેખક પોતાના કથયિતવ્ય માટે પ્રાચીન ઇતિહાસ-ગ્રંથોનો આધાર લે છે. એટલે પ્રસ્તુત 'हंस-मयूर' ગ્રંથના કથાનક માટે લેખકે કયા ઇતિહાસ-ગ્રંથોનો આધાર લીધો-તે જાણવું યોગ્ય થશે. અને એ જાણીને આપણી મૂંઝવણ પણ તરત ટળી જાય છે, કે લેખકે કથાનક માટે ફક્ત એક જ ગ્રંથનો-અને તે પણ જૈન ગ્રંથ-'प्रभावक चरित' નો આધાર લીધો છે, જે વિ. સં. ૧૩૩૪માં એના કર્તા પ્રભાચંદ્રસૂરિએ રચીને પૂર્ણ કર્યો હતો.

લેખક મહાશયના શબ્દોને જ વાંચીએ-(પરિચય પૃ. ૧૧)

"'प्रभावक चरित' नामक एक जैन प्रन्थ है जो तेरहवीं शताब्दि में लिखा गया था, विक्रम सम्वत् की स्थापना के लगभग बारह सौ तेरह सौ वर्ष पीछे। इस प्रन्थ में उस समय का उज्जैनाधिपति गर्दभिल्ल बतलाया गया है। उसमें कहा गया है कि धारा नगरी के राजकुमार कालकाचार्य और राजकुमारी सरस्वती जैन धर्म प्रसार के लिये उज्जैन गये तो गर्दभिल्ल ने सरस्वती को, जो बहुत सुन्दर थी, बल-पूर्वक पकड कर अपनी रानी बना लिया। कालकाचार्य क्रुद्ध होकर शकों की शरण में सिन्धुसौवीर और उसके सुदूर उत्तर में भी गया और शक आक्रमणकारियों को लिवा लाया। शकों ने मालवतन्त्र को नष्ट करके उज्जैन पर अधिकार कर लिया! गर्दभिल्ल भाग गया और उसको किसी जङ्गल में सिंहने पकड कर खा लिया।"

"'પ્રભાવક ચરિત' નામનો જૈન ગ્રંથ છે, જે તેરમી શતાબ્દીમાં લખવામાં આવ્યો છે; વિક્રમ સંવતની સ્થાપના પછી લગભગ ૧૨૦૦-૧૩૦૦ વર્ષ પછી. આ ગ્રંથમાં એ વખતનો ઉજ્જૈનનો રાજા ગર્દભિલ્લ બતાવવામાં આવ્યો છે. એમાં કહેવામાં આવ્યું છે, કે ધારાનગરીના રાજકુમાર કાલકાચાર્ય અને રાજકુમારી સરસ્વતી જૈન ધર્મ પ્રચાર માટે ઉજ્જૈન ગયાં. તો ગર્દભિલ્લે સરસ્વતીને-જે બહુ ખૂબસૂરત હતી-તેને બલપૂર્વક પકડીને પોતાની રાણી બનાવી લીધી. કાલકાચાર્ય ક્રુદ્ધ થઈને શકોની શરણમાં સિન્ધુસૌવીર અને તેના દૂર દૂર ઉત્તરમાં પણ ગયા, અને શક હુમલાખોરોને તેડી લાવ્યા. ગર્દભિલ્લ ભાગી ગયો ને તેને જંગલમાં વાઘે ફાડી ખાધો."

આટલો મૂળ ગ્રંથના કથાનક-વસ્તુનો ઉલ્લેખ કરી લેખક શ્રીયુત વર્માજી, પોતે પોતાના ગ્રંથમાં ઉક્ત કથાનકમાંથી સ્વેચ્છાથી ને મનસ્વી રીતે કેટલું પરિવર્તન કર્યું, તે તેઓના જ શબ્દોમાં વાંચીએ: (પરિચય પૃ૦ ૧૭)

"मैंने 'हंस-मयूर' नाटक की ऐतिहासिक पृष्ठ भूमिपर 'प्रभावक चरित्र' वर्णित कालकाचार्य

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

कथानक का उपयोग किया है। जान पडता है ईसा से लगभग ७५ वर्ष पूर्व मालवगणतन्त्र की अव्यवस्था ने पहले राजन्य और फिर राजा को उत्पन्न किया। गर्दभिल्ल इसी प्रकार का राजन्य या राजा था। सरस्वती (नाटक की सुनन्दा) के साथ गर्दभिल्ल का बलात् विवाह **मुझको मान्य नहीं है,** परन्तु गर्दभिल्ल के प्रणय ने जो रूप या मार्ग लिया होगा उसके सम्बन्ध में कालकाचार्यको भ्रम होना स्वाभाविक और उसके स्वभाव के संगत जान पडता है। नाटक में इसी भ्रम का समर्थन है।"

'**हंस-मयूर**' નાટકની ઐતિહાસિક પૃષ્ઠભૂમિકા માટે મેં '**प्रभावक चरित**'માં વર્ણવેલ "કાલકાચાર્ય" કથાનકનો ઉપયોગ કર્યો છે. માલુમ પડે છે કે :ઇસ્વીસનના ૭૫ વર્ષ પહેલાં માલવતંત્રની અવ્યવસ્થાએ પહેલાં રાજન્ય યા રાજાને પેદા કર્યો. ગર્દભિલ્લ આ પ્રકારનો રાજન્ય યા રાજા હતો.સરસ્વતી (પ્રસ્તુક નાટકની સુનંદા)ની સાથે ગર્દભિલ્લનો બલાત્કારથી વિવાહ એ મને માન્ય નથી પરંતુ ગર્દભિલ્લના પ્રણયે જે રૂપ યા માર્ગ લીધો હશે, તેના સંબંધમાં કાલકાચાર્યને તેવો ભ્રમ થવો સ્વાભાવિક અને તેના સ્વભાવને સંગત લાગે છે. નાટકમાં આ ભ્રમનું સમર્થન છે......"

મૂળ કથાનકમાં સ્વેચ્છાથી પરિવર્તન

લેખક મહાશયે સ્વીકારેલ આધારભૂત કથાનક ગ્રંથ ને તેમાં કરેલ '**એમને લાગતો**' ફેરફાર–બંને વસ્તુ અત્રે રજૂ કરી, અમે તટસ્થ વાચકવર્ગને એનું તારણ કાઢી લેવા કહીએ છીએ. ઇતિહાસના કોઈ પણ ગ્રંથમાં જે ઘટનાની સત્યતાને જરા પણ ટેકો ન મળતો હોય–ત્યાં લેખક પોતાની ઇચ્છા મુજબ એ ઐતિહાસિક ઘટનાને "માત્ર એમને પોતાને માન્ય નથી." એટલી દલીલથી સાવ ઊંધી ફેરવી નાખે, એ શું હડહડતો બુદ્ધિનો ને લેખિનીનો વ્યભિચાર નથી? અલબત્ત, એડવોકેટ સાહેબ રાજા ગર્દભિલ્લના વકીલ હોય ને તેઓ બચાવપક્ષના ધારાશાસ્ત્રી તરીકે કહે કે "મારા અસીલે અત્યાચાર કર્યો એ મને માન્ય નથી!" તો કદાચ એ એમની વકીલાતને યોગ્ય લાગે, પણ ઇતિહાસના સત્યની કોર્ટમાં તો લેખક મહાશય પોતે જ ગુનેગાર બની બેસે છે. ઇતિહાસ જ્યારે છાતી ઠોકી ઠોકીને એ વાત કહેતો હોય કે રાજા ગર્દભિલ્લે જોર જુલમથી સાધ્વી સરસ્વતીને પકડીને અંતઃપુરમાં બેસાડી ને તેની શિક્ષા, સરસ્વતીના ભાઈ ને જૈનધર્મના સાધુસંઘના એક આચાર્ય આર્ય કાલકે—સ્વદેશમાંથી કોઈની મદદ ન મળી ત્યારે—પરદેશથી લાવીને કરી "તો એડવોકેટ મહાશય એમાં કઈ રીતે ફેરફાર કરી શકે છે, અને તેમ કરવાનાં સામ્પ્રદાયિક કટ્ટરતા કે પરધર્મવિદ્વેષ સિવાય બીજાં કયાં મજબૂત કારણો મળ્યાં તે સમજાતું નથી.

ઇતિહાસમાં સ્વેચ્છાથી પરિવર્તનનું પરિણામ

અને એ રીતે 'પોતાની મનમાની રીતે' ઉપન્યાસ ને નાટક આદિનો લેખક પોતાની સ્વરચિત કૃતિમાં સ્વછંદે ફેરફાર કરી શકતો હોય તો–તેમાં કેટલો અનર્થ પેદા થવાનો સંભવ છે—તેનું દૃષ્ટાંત–બાળક પણ સમજી શકે તેવું–નીચે આપવામાં આવે છે.

નાટકના ગ્રંથ માટે મૂળ કથાનક તુલસીકૃત રામાયણ પસંદ કરીએ. આમાં મૂળ કથાનક એવું છે, કે લંકાનો ગર્વિષ્ઠ રાજા રાવણ–વનમાં રહેલી નિરાધાર સુંદર સીતાને બળાત્કારથી ઉઠાવીને પોતાના અંતઃપુરમાં લઈ જાય છે. અયોધ્યાના રાજકુમાર ચારે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તરફ ફરી, વાનર, ઋક્ષ આદિ યોદ્ધાઓની મદદ લઈ એના પર ચઢાઈ કરે છે, હરાવે છે ને મારે છે. સીતાને પાછી મેળવી શત્રુના ભાઈ વિભીષણને રાજ્ય સોંપે છે. જે વિભીષણ પોતાના પાપી ભાઈના અધર્મથી ત્રાસીને રામના શરણે આવેલો છે ને પોતાના અધર્મી ભાઈને મરાવવામાં નિમિત્ત બને છે.

હવે '**हंस-मयूर**' ના લેખક એડવોકેટ વર્માજી જેવો નાટ્યકાર-પોતાના ગ્રંથ માટે તુલસીકૃત રામાયણનો આધાર લઈને નાટકની રચના કરતાં એવું મનસ્વી વિધાન કરે કે—

'સીતાની સાથે રાવણનો બળાત્કારથી પ્રણય-પરિણયનો પ્રયત્ન એ મને માન્ય નથી. પરંતુ રાવણ તરફના છૂપા પ્રણયે જે રૂપ મા ાર્ગ લીધો હશે, તેના સંબંધે શ્રીરામને તેવો ભ્રમ થવો સ્વાભાવિક અને તેમના સ્વભાવને સંગત લાગે છે. પ્રસ્તુત સીતા નાટકમાં એ ભ્રમનું સમર્થન છે.'

પવિત્ર સ્ત્રીના શીલ સાથે લેખકની રમત

પ્રિય વાચકો, શું આ પ્રકારના ઇતિહાસના ખૂનથી ભરેલા ગ્રંથને કોઈ તટસ્થ ઈતિહાસનો વિદ્વાન તો ઠીક, પણ સામાન્ય બુદ્ધિવાળો વાચકવર્ગ પણ સહન કરી શકશે ? અમને શ્રીયુત વર્માજીની સાહિત્યસેવા માટે માન હોવા છતાં નમ્ર રીતે ને નિખાલસ ભાવે, દુઃખી દિલે કહેવું પડે છે, કે તેમણે '**हंस-मयूर**' નામનું નાટક રચીને, પોતાની મનસ્વિતાનું એક બીજું નાટક ભજવી બતાવ્યું છે. અને જૈનો તથા બૌદ્ધો માટે, તેમના ધર્મ તથા સંસ્કૃતિના પરત્વે પોતાના હૃદયમાં ભરેલું હળાહળ વિષ આ ગ્રંથના પાને પાને ઢાલવ્યું છે. ધર્મ અને સંપ્રદાયની દૃષ્ટિ અલગ કરીએ તો પણ વર્માજીએ સહુથી મહત્ત્વનો અપરાધ એક સતી સ્ત્રીના શીલને માટે કર્યો છે. અમને એ સમજાતું નથી કે ઇતિહાસસંમત ને લોકસંમત સાધ્વી સ્ત્રીઓના શીલ સાથે કોઈ લેખક કઈ રીતે રમત કરી શકે ? લેખક મહાશયે સરસ્વતી—જેનું નામ બદલીને સુનંદા રાખ્યું છે, તેને જૈન સાધ્વીના બદલે શ્રાવિકા સુનંદા બતાવી, તેને સ્વયં રાજા ગર્દભિલ્લ પર આશક થઈ જતી, એની પાછળ ઝૂરતી, એને નાથ ને સ્વામી શબ્દથી સંબોધતી બતાવી છે. આ કેટલો લેખિનીનો ભયંકર અનાચાર ખેલાયો છે ! એના માટે અમે મૂળ ગ્રંથ 'પ્રભાવક ચરિત'માંથી જ શ્રી. કાલિકાચાર્ય અને તેમનાં બહેન સાધ્વી સરસ્વતી વિષે થોડી લીટીઓ વાચકની જાણ માટે અહીં ઉતારીએ છીએઃ

'પ્રભાવક ચરિત'ની મૂળ વાર્તા

'ધારા નામે નગરી હતી. વીરસિંહ નામે રાજા હતો. સુરસુંદરી નામે રાણી હતી. તેઓને કાલક નામે પુત્ર હતો. ને સરસ્વતી નામે પુત્રી હતી. ક્ષત્રિયની કળાઓમાં પ્રવીણ રાજકુમારે ગુણાકરસૂરિ પાસે બહેન સાથે દીક્ષા લીધી. ટૂંક સમયમાં સર્વ શાસ્ત્રપારંગત થવાથી તેમને આચાર્ય પદે સ્થાપ્યા. એકદા વિચરતા તેઓ ઉજ્જૈનીમાં આવ્યા.

'તે નગરી (ઉજ્જયિની)માં મહાબલિષ્ઠ એવો ગર્દભિલ્લ રાજા હતો. તે કોઇ વાર નગરની બહાર રયવાડીએ ચઢયો. એવામાં કર્મસંયોગે કાગડાને દહીંનું પાત્ર મળે એમ ત્યાં કાલકસૂરિની બહેનને જતી તેણે જોઈ. એટલે મોહિત થઈને તેણે પ્રચંડ પુરુષોના (ગુંડા) હાથે તેનું અપહરણ કર્યું. આ વખતે તે સાધ્વી કરુણ સ્વરે 'હા ભ્રાત, મારું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રક્ષણ કરો.' એમ આક્રંદ કરવા લાગી. એ હકીકત સાધ્વીઓ પાસેથી જાણવામાં આવતાં કાલકાચાર્ય પોતે રાજસભામાં જઈ રાજાને કહેવા લાગ્યાઃ

'ફળ આદિ સંપત્તિની રક્ષા માટે ખેતરને વાડ કરવામાં આવે છે. એ વાડ પોતે જ જો ધાન્યનું ભક્ષણ કરે તો કોની પાસે ફરિયાદ કરવી ? હે રાજન, સર્વ વર્ણો અને દર્શનોનો તું જ રક્ષક છે. તો સાધ્વીના વ્રતનું ખંડન કરવું તને યુક્ત નથી.'

"આ પ્રમાણે આચાર્યે સમજાવ્યા છતાં......તે મ્લેચ્છ જેવા નૃપાધમે સૂરિનું વચન ન માન્યું. શ્રી. સંઘ, મંત્રીઓ અને નાગરિકોએ તેને ઘણો સમજાવ્યો......પણ નરાધિપે બધાની અવગણના કરી. એટલે પૂર્વના ક્ષાત્રતેજને પ્રકટાવતા કાલકાચાર્યે કાયર જનોને કંપાવનારી પ્રતિજ્ઞા કરી, કે 'અન્યાય રૂપ કાદવમાં રમતા ભૂંડ જેવા દુષ્ટ રાજાનો— પુત્ર, પશુ ને બાંધવ સહિત હું ઉચ્છેદ ન કરું તો, બ્રહ્મહત્યા, બાલહત્યા, ધર્મહત્યા ને દેવખંડનનું પાપ મને હજો !'

"કાલકાચાર્ય આ પ્રકારનાં સામાન્ય જનને દુષ્કર અને અસંભાવ્ય વચન બોલતા બહાર નીકળ્યા ને દંભથી પાગલનો વેષ ધારણ કરી લીધો. ચોરા, ચૌટા ને ત્રિભેટામાં ભમવા લાગ્યા, ભમતા ભમતા તેઓ બોલવા લાગ્યાઃ 'ગર્દભિલ્લ રાજા છે તો તેથી શું થયું ? ને દેશ (અર્થાત્ માલવદેશ—એ વખતે દેશ શબ્દ પ્રાંતવાચક પણ હતો) કદાચ સમૃદ્ધ છે તેથી પણ શું થયું !

"લોકો દયા બતાવીને કહેવા લાગ્યાઃ 'ભગિનીવિરહમાં આ આચાર્ય પાગલ થઈ ગયા છે.'

"કેટલાક દિવસ પછી તે એકલા ત્યાંથી ચાલી નીકળ્યા. અને પશ્ચિમ દિશા તરફ ચાલતા અનુક્રમે તે સમુદ્ર કાંઠે ગયા. અહીં 'શક' એવા નામથી ઓળખાતા છન્નુ રાજાઓ હતા.

[ટૂંકામાં શકોની મદદથી, પોતાની વિદ્યા ને મંત્રશક્તિથી રાજા ગર્દભિલ્લને હરાવ્યો, અહીં લડાઈનું વર્ણન છે, રાજા અત્યાચારી હોવાથી પ્રજાએ કંઈ બળ ન કર્યું. માત્ર હોદસો સુભટોથી ઉજ્જૈનીના અજેય કિલ્લાને કાલકસૂરિએ નેતાગીરી લઇ કોટ તોડયો પછી...]

"...... ગુરુએ કિલ્લામાં પ્રવેશ કર્યો. પછી યોદ્ધાઓએ ગર્દભિલ્લને જમીન પર પાડી બાંધી લઈ, ગુરુની આગળ રજુ કર્યો, ત્યારે ગુરુએ એ રાજાને કહ્યુંઃ

"પરબળને ભેદનાર ધનુષ્ય-બાણની શક્તિથી ગર્વિષ્ઠ બનેલ તેં સાધ્વીનું અપહરણ કર્યું. તારા તે કર્મવૃક્ષને હજી તો આ પુષ્પ જ બેઠાં છે. પણ તેનું ફળ તો તને પરભવે નરકની યાતના જ છે. માટે હજી પણ સમજ. શાન્ત થા. કલ્યાણકારી પ્રાયશ્ચિત્ત લે. પરલોકની આરાધના કર જેથી તને મનોવાંછિત સુખ મળે.'

"આમ સૂરિએ સમજાવતાં ગર્દભિલ્લ મનમાં ભારે દુભાયો. તેને બંધનમુક્ત કરવામાં આવતાં તે અરણ્યમાં ચાલ્યો ગયો. ત્યાં વાઘે તેને ફાડી ખાધો. પછી આચાર્ય મહારાજના આદેશથી મિત્રરાજા સ્વામી થયો અને બીજા રાજાઓ પણ દેશ વહેંચીને રહ્યા. ગુરુમહારાજે સરસ્વતી સાધ્વીને વ્રતમાં સ્થાપી એટલે તે આલોચના અને પ્રતિક્રમણ કરવાથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મૂળ ગુણને પામી. બલાત્કારથી સ્ત્રીના વ્રતને ભાંગનાર પુરુષો પર વિદ્યા દેવીઓ કોપાયમાન થાય છે. આવો રાજા રાવણ પણ સીતા પર બલાત્કાર ન કરી શક્યો.

"કેટલાક કાળ પછી શક રાજાઓને ઉચ્છેદીને (આ સમય ચાર વર્ષનો લેખવામાં આવે છે.) શ્રી વિક્રમાદિત્ય રાજા સાર્વભૌમ થયો.

"રાજાઓમાંથી પૂજા-સત્કાર પામેલા શ્રી. કાલકસૂરિ તે દેશમાં વિચરવા લાગ્યા.

"હવે લાટ દેશના લલાટના તિલક સમાન એવું ભૃગુકચ્છ નામે નગર છે. ત્યાં બલમિત્ર નામે રાજા છે. તેણે પોતાના નગરમાં ગુરુની પધરામણી કરી-મહોત્સવ કર્યો.

"તે પછી પ્રતિષ્ઠાન પુર ગયા. ત્યાંના રાજા સાતવાહને તેમનું સ્વાગત કર્યું.

"શ્રી. જિનશાસનરૂપ પૃથ્વીનો ઉદ્ધાર કરવામાં કચ્છપરૂપ અને શમાદિક ગુણના નિધાન એવા શ્રી. કાલકસૂરિ પ્રાંતે સમાધિપૂર્વક કાળ કરીને સ્વર્ગે ગયા.

"શ્રેષ્ઠ મહાન ગુણને લીધે શ્રી. સીમંધરસ્વામીના મુખથી વિદિત-વિખ્યાત થયેલા એવા શ્રી. કાલકસૂરિ તમારું રક્ષણ કરો."

વર્માજીની અકાંડકુષ્માંડ રચના

'પ્રભાવક-ચરિત્ર' માં આ પ્રમાણે જેમનું જીવન પૂર્વ ગ્રંથો પરથી આલેખવામાં આવ્યું છે, તે જ ગ્રંથની પૃષ્ઠભૂમિકા પર શ્રી. વર્માજી કેવી અકાંડકુષ્માંડ જેવી રચના કરે છે, તે એમની આ हंस-मयूर' નાટકનાં પ્રકરણોના સાર પરથી નિહાળીએ :—

પ્રારંભમાં નાટકનાં પાત્રોનાં નામોમાં કાલકાચાર્યનું પાત્ર નામ-પરિવર્તન પામ્યું નથી, પણ જે શીલવંતી સરસ્વતી સાધ્વી પર વર્માજીનો કોપ ઊતર્યો છે, તેને પરિવર્તિત કરીને શ્રાવિકા સુનંદા બનાવી છે, ને પછી અંતમાં એને મારી મચડી સરસ્વતી સાધ્વી બનાવી છે. જ્યારે ઇતિહાસની દૃષ્ટિએ, ઉજ્જૈનમાં આર્ય કાલક આવ્યા ત્યારે તે સાધુ હતા ને તેમની બહેન સરસ્વતી જૈન આર્યા અર્થાત્ સાધ્વી હતાં.

આ પાત્રોમાં 'બકુલ' નામનું એક પાત્ર નાટ્યકારે ઊમેર્યું છે, જેની પિછાન આપતાં 'એક યવન સાધુ-કાલકાચાર્યનો શિષ્યઃ' એમ ઓળખાણ આપે છે. આ પાત્ર તેમણે કલ્પિત મૂક્યું છે, જેનો સ્વીકાર પ્રસ્તાવનામાં તેમણે પોતે કર્યો છે. પણ સાથે ઊમેર્યું છે કે 'बकुल कल्पित है, परन्तु उस समयके भारतीय यवनोंका प्रतिबिम्ब है। [परिचय पृ. १५] જૈન સાધુ ને ભારતીય યવન—આ વળી કોઈ નવીન કલ્પના વર્માજીએ શોધી કાઢી. પણ આવી તો અનેક ચિત્ર-વિચિત્ર કલ્પનાઓ આ નાટકના પાને પાને ભરી પડી છે, જે સહૃદય વાચકના દિલમાં એકી સાથે તેઓની લેખિની પ્રત્યે ક્રોધ અને દયા બન્ને જન્માવે છે.

નાટકના પહેલા અંકનું પહેલું દશ્ય-કાલકાચાર્ય, શ્રાવિકા સુનંદા ને શ્રમણ બકુલથી શરૂ થાય છે. આર્ય કાલક ને બકુલનું મસ્તક મુંડાવેલું છે, ને તેમણે નારંગી રંગનું કૌપીન પહેર્યું છેઃ સુનંદાએ પણ એવું કૌપીન પહેર્યું છે, (વર્માજી શ્રાવિકા ને સાધ્વી વચ્ચેનો ભેદ જ ભૂલ્યા લાગે છે. ને જૈન સાધુઓ એ વખતે શ્વેત વસ્ત્ર પહેરતા—તેનો પણ તેમને ખ્યાલ નથી. શ્વેતાંબર જૈન સાધુઓએ પીળું વસ્ત્ર તો ઘણાં વર્ષો પછી અમુક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કારણુસર રાખવું શરૂ કર્યું.) ત્રણેના હાથમાં કમંડળ બતાવ્યાં છે. (જૈન સાધુ લાકડાનું પાત્ર રાખે છે.) પણ પોતાની જાણકારીનું પ્રદર્શન આટલેથી જ ન અટકાવતાં વર્માજીએ આગળ વધીને આર્ય કાલકને વારંવાર 'બહુજન હિતાય, બહુજન સુખાય' વાળું બૌદ્ધધર્મનું સૂત્ર બોલતા બતાવ્યા છે. નાટક શરૂ થાય છે:-

આર્ય કાલક સ્વજનોથી વિદાય લેતા, ઉજ્જૈનના શૈવ રાજા ગર્દભિલ્લના ઉદ્ધાર માટે રવાના થાય છે. માર્ગમાં દસ્યૂ સરદાર મળે છે, ને લૂંટ કરે છે. બકુલ પાસેથી ચાંદી અને તાંબાના સિક્કા (જૈન સાધુઓને દ્રવ્ય પાસે રાખવાનો કડક પ્રતિબંધ છે) સંતાડેલા મળી આવે છે. અહીંથી તેઓ ઉજ્જૈનમાં પ્રવેશ કરે છે. તેઓને કાપાલિકો સાથે ભેટો થાય છે. લેખક કાપાલિકો પાસે કહેવરાવે છે, કે 'તમે 'ઘૂટી ખોપડી' મૂંડીઆ જૈન કે બૌદ્ધ છો?' જવાબમાં આર્ય કાલક કહે છે: 'બંને છું, અથવા કોઈ, અથવા કંઈ નહિ.' લેખકની સામાન્ય સમજ માટે પણ દુઃખ થાય છે. એક પારંગત જૈન સાધુ શું આવું ક્રોધભર્યું ને અવિવેકી બોલતા હશે? આ ગરમાગરમ ચર્ચામાં ત્રીસ વર્ષની ઉંમરવાળો વિનયની મૂર્તિ જેવો સુંદર રાજા ગર્દભિલ્લ આવે છે, ને જનતાને પગે લાગતો બોલતો બતાવે છે, કે આ જૈન સાધુ અથવા બૌદ્ધ સાધુ છે! જાણે આવડો મોટો રાજા જૈન ને બૌદ્ધો વચ્ચેનો ભેદ સમજતો નથી! આ પછી 'એમની શ્રાવિકા સુનંદા'ને ગર્દભિલ્લ તરફ મોહવશ રૂપગર્વિતાની જેમ જોતી બતાવી લેખક પ્રેમ પ્રકરણના શ્રીગણેશ કરે છે.

આગળ વધતાં-ક્ષિપ્રા નદીના તટ પર કાપાલિકોને નરયજ્ઞ કરતા બતાવે છે, ત્યાં આર્ય કાલક ને સુનંદા આવે છે. કાપાલિકો પેલા બકુલને જ બલિ તરીકે લાવ્યા છે. લેખકે અહીં બાળોનો ને જેમ તેમ સવાલ-જવાબનો ભારે રંગ જમાવ્યો છે. જાણે કાલકાચાર્ય તો હિન્દી કહેવત મુજબ 'અકલની પાછળ લાઠી લઈને' નીકળ્યા છે! આ વખતે પુરંદર નામનો પુરોહિત આવે છે, ને કહે છે કે કાર્તિકસ્વામીનો મયૂર આ ક્ષુદ્ર કીડાઓને ખાઈ જશે અને રાજાને સૂચવે છે 'આ રોગને બહાર જવા ન દેશો.'

જેમ તેમ બોલતા કાલકાચાર્યને કાપાલિકોના કોપમાંથી બચાવવા ઉદારચિત્ત ગર્દભિલ્લ રાજા પોતાના ભવનમાં આર્ય કાલક, સુનંદા અને બકુલને ત્રણ જુદા જુદા ઓરડામાં કેદ કરે છે: અને લેખક મહાશયને પ્રેમ-ચર્ચાનું મેદાન મળી જાય છે. એમનું કલ્પનાસંતાન શ્રાવિકા સુનંદા રાજા પર લટ્ટુ બને છે ને પ્રેમની મારામાર ચાલે છે. (અજ્ઞાન પ્રેક્ષકો ફિદા થઈ તાલીઓ પર તાલીઓ બજાવે તેવું દૃશ્ય છે: ફક્ત ઈતિહાસ પોતાનું ખૂન નિહાળી નિશ્ચેષ્ટ પડ્યો છે.) આ પછી આર્ય કાલક ને બકુલ નાસે છે, ને સુનંદા ઉજ્જૈનમાં રહી રાજા સાથે પ્રેમના ગલહાર ગૂંથે છે. લયલા-મજનૂની નવી આવૃત્તિ વર્માજીએ ખડી કરી છે.

અમને લાગે છે કે વર્માજીની અડધી વાર્તા પાઠક પાસે રજૂ કરી, આગળની પોતાની મેળે સમજી લેવા કહેવું એ જ ઉચિત છે, કારણ કે આવી મોં-માથા વગરની, કપોલ કલ્પિત અને નર્યો સ્વચ્છંદ વિહાર કરતી દ્વેષપૂર્ણ ઘટનાઓને રજૂ કરતાં પણ સહૃદય અભ્યાસીને દુઃખ થાય છે. ધર્મોનો સામાન્ય અભ્યાસી પણ રજૂ ન કરી શકે તેવી, અગડમ બગડમ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વાર્તા તેમણે રજૂ કરી છે. જ્યાં ત્યાં બૌદ્ધ અને જૈન ધર્મ પર તો તેઓ ઊખડી જ પડ્યા છે. એની અહિંસાને જેટલી ભંડાય તેટલી ભાંડી છે, જે ઐતિહાસિક યુગ માટે અને રાજા વિક્રમ માટે ભારે મતભેદ છે, જે વખતની સ્થિતિ માટે મોટા વિવાદ છે, એ બધું વર્માજીએ પોતાની મનપસંદ રીતે નક્કી કરી નાખ્યું છે, જેની સામાન્ય ચર્ચા અમે આગળ કરવાના છીએ. જો કે અમારા આ લેખનો એ ઉદ્દેશ તો નથી જ. અમને અફસોસ તો એ થાય છે, કે ઝાંસી રાણી લક્ષ્મીબાઈ* જેવી આર્ય રમણીઓનાં વિશુદ્ધ ચરિત્રોને પોતાની ઓજસ્વી કલમનું તેજ આપી વધુ તેજસ્વી ચિત્રણ કરનાર શ્રી. વર્માજી અહીં કેમ ઠોકર ખાઈ ગયા! વિચાર કરતાં સંપ્રદાયદ્વેષનો જ પ્રતાપ જણાઈ આવે છે. જો તેમણે પોતાની પ્રિય વ્યક્તિઓના, ધર્મનાં કે પ્રદેશનાં વખાણ કરી સંતોષ માન્યો હોત તો અમારે તે વિષે કંઈ કહેવાનું નહોતું. પણ જ્યારે અન્ય ધર્મ, સંપ્રદાય ને વીર વ્યક્તિઓની હીનમાં હીન પ્રકારે નિંદા કરી ત્યારે અમારે આ લેખિની ચલાવવી પડી છે.

કેટલીક સંદિગ્ધ ઘટનાઓ

આર્ય કાલક વિષે જ જ્યારે ચર્ચા ચાલી છે, ત્યારે એક સંદિગ્ધ બાબતનો ખુલાસો અહીં કરી દેવો યોગ્ય થશે. આર્ય કાલક વિષે એવો આક્ષેપ કરવામાં આવે છે, કે શકોને તેઓ સર્વપ્રથમ ભારતમાં લાવ્યા. પણ ઇતિહાસને જરા ધ્યાનથી અવલોકનારને તરત જણાઈ આવશે કે એ વાત આખી ભ્રાન્તિપૂર્ણ છે. એ કાળે આર્યજાતિમાં અનેક જાતિઓનું મિશ્રણ થઈ રહ્યું હતું, તે રાજા ચંદ્રગુપ્ત મૌર્ય તથા તેના પ્રધાન મહર્ષિ ચાણક્ય જેવાએ પણ ગમે તે જાતની સ્ત્રીને પેટે આર્યપુરુષથી પેદા થયેલ સંતાનને આર્ય લેખવાની ને 'આર્ય હોય તે દાસ ન બને' તેવી આજ્ઞાઓ કાઢી હતી.

મૌર્ય સામ્રાજ્યનો અસ્ત અને સાતવાહન રાજાઓના ઉદયકાળ વચ્ચેનો એ કાળ ભારે ઉથલપાથલનો હતો. ગણતંત્રો શિથિલ બન્યાં હતાં. રાજાઓ ઊભા થતા ને અસ્ત થતા. રાજહત્યાઓ ચાલ્યા કરતી. અન્તિમ મૌર્ય સમ્રાટની હત્યા એના જ સેનાપતિ પુષ્યમિત્ર શુંગે કરી અને એ જ શુંગ વંશને એના કાણ્વ નામના બ્રાહ્મણ અમાત્યે ખતમ કર્યો. ધર્મની કલ્પના બધા પાસે હતી. રાષ્ટ્રની વ્યાખ્યા અતિ સંકુચિત હતી, જેથી એક પ્રાંતવાળો બીજા પ્રાંત પર આફત આવે ત્યારે નિરાંતે લહેર કરતો યા તો એના શત્રુને મદદ કરતો. આ માટે કેટલીક ઇતિહાસપ્રસિદ્ધ હકીકતો અમારા કથનને વિશેષ સ્પષ્ટ બનાવવા માટે નીચે આપવામાં આવે છે.

અનાર્યોના દેવતા શિવ

(૧) આર્યલોકોએ પ્રારંભથી અનાર્યોને પોતાનામાં ભેળવવા પ્રયત્ન કર્યો હતો. રામાયણ કાળથી આર્ય અનાર્યના એકીકરણનો પ્રયત્ન ચાલુ હતો. વર્માજી કેમ ભૂલે છે, કે શિવ પહેલાં અનાર્યોના દેવતા હતા ને પાછળથી આર્ય-અનાર્ય એકીકરણ વખતે રુદ્ર તરીકે તેમને વૈદિકધર્મમાં સ્થાન મળ્યું. આ પછી પણ એક સમન્વય પ્રસંગે વૈદિક અવતારોમાં જૈનોના ભ. ઋષભદેવ ને બૌદ્ધોના ભ. બુદ્ધને ૨૪ અવતારોમાં સ્થાન મળ્યું. વૈદિક ધર્મ,

* એકાદ દશકા પહેલાં એક ગોરા અંગ્રેજે ઝાંસી રાણી લક્ષ્મીબાઈ વિષે ગ્રંથ લખતાં શ્રી. વર્માજીની જેમ જ ગોથું ખાધું હતું. એ ધોળા દેવે આ કાળા લોકની રાણીનો એક અંગ્રેજ જનરલ તરફ છૂપો પ્રણય બતાવવાનો પ્રયત્ન કર્યો હતો, જેને વિષે ભારે વાદ જાગ્યો હતો. આ વાતની વર્માજીને અમે યાદ આપીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બૌદ્ધ ધર્મ ને જૈન ધર્મનો પ્રચાર પરદેશમાં ખૂબ હતો, એમ પુરાણુ સંશોધકો માને છે. જે કાળની આ કથા છે એ કાળે યૂનાની રાજાઓ બૌદ્ધધર્મી હતા. શકો જૈન ને બૌદ્ધધર્મી હતા. વેર, યુદ્ધ ને કાપાકાપીથી થાકેલા પ્રખર પ્રતાપી અશોકના વખતમાં જેમ બૌદ્ધ ધર્મ રાજધર્મ બન્યો, તેમ પ્રતાપી સમ્રાટ અશોક–પૌત્ર સંપ્રતિના વખતમાં જૈનધર્મ ખૂબ પ્રસર્યો. યુદ્ધોથી ને વેરભાવથી ત્રસ્ત ક્ષત્રિયોમાં જૈનોની ને બૌદ્ધોની અવેર ને અહિંસાની ફિલસૂફીએ ભારે આદર મેળવ્યો હતો. સિકંદરની જેમ યુનાની રાજા ડિમેત્રિસ (DEMETRIES) ને હરાવનાર રાજા ખારવેલ પણ જૈન હતો. ને એણે શૌર્યભરી રીતે જૈનધર્મનો પ્રચાર કર્યો. (જુઓ શ્રી. કાશીપ્રસાદ જયસ્વાલ કૃત; ભુવનેશ્વરની હાથીગુફાનો રાજા ખારવેલનો લેખ). આ રીતે શુંગ દરબારમાં આવેલો યુનાની દૂત હેલીઉદોર વિષ્ણુપૂજક હતો. એટલે સિકંદરના આગમને જેમ ભારતનો માર્ગ ખુલ્લો કર્યો, તેમ એ વેળાના સમાજ પર પણ તેણે ભારે અસર કરી. સિકંદરની ચડાઈ પછી તરત જ યુનાની, ઈરાની ને ભારતીય જાતિઓ એકત્ર થવા લાગી, ને એકમેકના સંબંધથી બંધાતી ચાલી.

આર્ય કાલકની પહેલાં પણ શક હિંદમાં હતા

(૨) શક લોકો કે જેઓને લાવ્યાનું તહોમત આર્ય કાલકના મસ્તક પર મઢવામાં આવે છે; તેઓ ઈ. સ. પૂર્વે છસો વર્ષથી હિંદમાં આવી રહ્યા હતા, ને વાર્તાકાળના સમયે તો તેઓ આર્ય બની ચૂક્યા હતા, તેમજ જૈન તથા બૌદ્ધ તથા વૈદિક તત્ત્વજ્ઞાનથી રંગાઈ ગયા હતા. (જુઓ, '**इतिहास प्रवेश**' **ले. जयचंद्र विद्यालंकार, संपादकः काशीप्रसाद जायस्वाल** પૃ. ૧૧૧) તેઓને પડખે ઋષિક ને તુખાર જાતિઓ પણ રહેતી હતી. સહુ પ્રથમ હિંદ પર આવનાર હુણ, શક, ઋષિક વગેરે પ્રારંભમાં જંગલી જાતિઓ હતી. દૂરના દેશોમાં લૂંટફાટ કર્યા કરતી, પણ તેમના પર દબાણ થતાં તેઓ હિંદ તરફ વળ્યા. જ્યારે આર્યકાલક શક લોકો પાસે ગયા ત્યારે તેઓ હિંદના આજના સિંધ (પ્રાચીન નામ શકદ્વીપ) પ્રાન્તમાં આવીને ક્યારના વસી ગયા હતા. ને ધર્મથી આર્ય, બૌદ્ધ અને જૈન બન્યા હતા. અલબત્ત, સંગ્રામમાં તેઓ ભારે ઝનૂની હતા. શક રાજા નહપાન ને ઉષવદાત જ્યારે ઉજ્જૈનમાં આવી રાજા બન્યા ત્યારે તેઓએ જૈન ધર્મનાં કાર્યો કરવા ઉપરાંત નાસિક જુન્નેરમાં બુદ્ધ ગુફાઓ સ્થાપી ને બ્રાહ્મણોને યજ્ઞો માટે પુષ્કળ દાન દીધું (જુઓ; ઉક્ત **इतिहास प्रवेश**: (પૃ. ૧૧૩.) ઇતિહાસને પાને સમ્રાટ્ સમુદ્રગુપ્ત તથા વાસિષ્ઠીપુત્ર શાતકર્ણીના અંતપુરમાં સર્વોપરિસ્થાને કર્દમ્મવંશની શકરાણીઓ હોવાના ઉલ્લેખો નોંધાયા નજરે પડે છે. (જુઓ: ભારતીય ઇતિહાસ કી રૂપરેખા પૃ૦ ૮૫૮)

રાષ્ટ્ર વિષેની એ કાળની કલ્પના

(૩) રાષ્ટ્ર વિષેની આપણી આજે જે એક ને અખંડ કલ્પના છે, તે એ વખતે નહોતી, એમ લાગે છે. જે રાજા જેટલી ભૂમિ પર અધિકાર રાખે તે તેનું રાષ્ટ્ર. અને જો આમ ન હોય તો સિકંદરની સામે લડનાર શશિગુપ્ત રાજા હારીને પાછો એના જ સૈન્યમાં જોડાઈ હિંદને જીતવામાં મદદ ન કરત. તક્ષશિલાનો રાજા આંભિ પણ તેનાથી ડરીને મદદ ન કરત. ને આંભિને દેશદ્રોહી કહેનાર રાજા પોરસ પણ આખરે સિકંદરની સેનામાં ઉચ્ચાધિકારીની પદવી ન સ્વીકારત. જુઓ (**इतिहास प्रवेश**: પૃ. ૮૪) અરે ખુદ પોતાના રાજા પ્રત્યે પ્રજાને એ વેળા ઉદાસીનતા હશે; નહિ તો જે સિકંદર ચાર વર્ષમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આખા ઈરાનને જીતી શકયો, એ જ ઈરાનના ૯૬ સામંતો ઉજ્જૈની, મથુરા ને પંજાબ જેવા દેશોને જોતજોતામાં વીંખીપીંખી ન નાખત !

એ વખતના લોકો ધર્મપ્રાણ હતા

(૪) એ વખતના લોકો ધર્મપ્રાણ હતા; દેશપ્રાણ નહિ. પરમ વૈષ્ણવભક્ત તરીકે પ્રખ્યાત વિભીષણ આર્યપ્રજામાં રામાયણ કાળથી પૂજાય છે. તેણે બંધુદ્રોહ, કુળદ્રોહ ને દેશદ્રોહ ત્રણે કર્યો હતો, છતાં 'મહાત્મા' કહેવાય છે, કારણ કે એ બધું અધર્મના ઉચ્છેદ માટે જ હતું. ધર્મરક્ષણ એ જ આર્યોનું કર્તવ્ય હતું. એટલે રાજાઓ કોઈ ધર્મનું અપમાન ન કરતા, એ વખતે દેશરક્ષા કરતાં ધર્મરક્ષા મહત્ત્વની મનાતી. પણ રાજા ગર્દભિલ્લની જેમ કોઈ ધર્મનું અપમાન કરવાની હિંમત કરતું, તો રાજનૈતિક જીવનમાં ભારે વાવંટોળ જામતો. રાજાઓ ને રાજકુમારો રાજપાટ આસાનીથી છોડી શકતા, પણ ધર્મ માટે તેઓ ભારે આગ્રહ ધરાવતા.

(૫) આર્ય કાલકનો સમય ગણતંત્ર (પ્રજાસત્તાક) વિરુદ્ધ રાજાશાહીનો હતો. આર્ય કાલક ગણતંત્રના રાજકુમાર હતા, ગર્દભિલ્લ નિર્દ્વંદ્વ રાજાશાહીનો નમૂનો હતો.

(૬) સુપ્રસિદ્ધ માલવગણ (જેનો વાર્તા સમયનો રાજા ગર્દભિલ્લ હતો) પ્રજાસત્તાક જાતિ હતી. એણે જ એક વખત સિકંદરને ભાગવું ભારે કર્યું હતું. આ માલવગણ કોઈ કાળે નબળું પડ્યું ને પંજાબથી ખસીને ચંબલ તરફ આવ્યું. આ કમજોરીના સમય દરમિયાન ગર્દભિલ્લે કબજો કર્યો. માલવગણને રાજા પસંદ નહોતો. એ રાજાનો નાશ કરવાના આર્ય કાલક નિમિત્ત બન્યા. એમણે શકોની મદદથી એનો નાશ કર્યો, ને એ શકોને ટૂંક સમયમાં ખત્મ કરીને માલવ યોદ્ધાઓએ પોતાની મુક્તિની યાદગીરીમાં વિક્રમ સંવત ચલાવ્યો. (કેટલીક જૈન કથાઓ કહે છે, કે શકોને લાવનાર આર્ય કાલકે જ ટૂંક સમયમાં ઉજ્જૈનની ગાદી પરથી શકોને હઠાવી ત્યાં પોતાના સંસારી ભાણેજને લાવ્યા.) પણ એ 'વિવાદગ્રસ્ત વિક્રમાદિત્ય'ની ચર્ચામાં પડવાનું આ સ્થાન નથી અને તેમ કરવાની અમારી ઈચ્છા પણ નથી. આર્ય કાલક આ રાજક્રાન્તિ પછી લાંબો વખત જીવ્યા, ને આર્ય રાજાઓના આદરને પાત્ર રહ્યા.

એક વધુ કપોલકલ્પના

(૭) "शकों की विजय के परिणाम को अपनी आंखों देखकर कालकाचार्य से फिर उज्जैन में न रहा गया और वह दक्षिण-पश्चिम में धर्म-प्रचार के लिये चला गया।"

શ્રી. કાલકાચાર્ય શક-વિજય પછી પણ ત્યાં રહ્યા છે, ને શક પરાજયના અને પુનઃ માલવગણતંત્રના સાક્ષી બન્યા છે, એમ ઇતિહાસ કહે છે. 'પ્રભાવકચરિત'ના કર્તા કહે છે, કે તેઓ રાજાઓથી આદર સન્માન મેળવતા રહ્યા, એ ઉલ્લેખ પર શ્રી. વર્માજી લક્ષ દે. અલબત્ત, નિવૃત્તિમાર્ગી જૈન સાધુ તરીકે આ રાજકીય પરિવર્તન પછી-પોતાના સાધુ આચારોની ક્ષતિ માટે તેઓએ આલોચન કર્યું હોય તે સ્વાભાવિક વાત છે.

વર્માજીનું વારંવાર બદલાતું વિધાન

(૮) એ વખતનું આખું ચિત્ર શ્રીયુત વર્માજીના શબ્દોમાં જ આપીએ છીએ. તેમાં તેઓએ શક હૂણોને બોલાવનાર તરીકે બૌદ્ધોને પકડી આણ્યા છે. જૈનો વળી ત્યાં તેમની કૃપાને પાત્ર બન્યા છે. આ વાત તેમના જ શબ્દોમાં પરિચય પૃ. ૬માંથી વાંચીએ:-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

"सिकन्दर के चले जाने के उपरान्त मौर्यों के शासनकाल में भारत को, बहुत समय तक, शान्ति–सुख मिलता रहा। मौर्यों की सत्ता के क्षीण हो जाने के कालमें शकों, हूणों इत्यादि ने उत्तर-पश्चिम से टिड्डी दल की भांति आक्रमण किये और उन्होंने भारतीय संस्कृति को झकझोर डाला। मौर्योंके उत्तराधिकारी शुङ्गों ने, मध्यदेशके यवनों और उत्तर में आये हुये शक–हूणों का दमन करने के उपाय किये, परन्तु इन आक्रमणकारियों का प्रवाह थोडा ही अवरुद्ध हो पाया। धार्मिक विवादों से उत्पन्न कलहों ने समाज को बहुत अस्त व्यस्त और निर्बल कर दिया था। अनेक भारतीय बौद्ध, शक-हूणों को आक्रमण के लिये निमन्त्रण देते रहते थे। कुछ कारण भी था। एक शुङ्ग राजा ने सांची के कुछ बौद्ध स्तूपों को तुडवा दिया था! विदेशी बौद्धों ने शैव और वैष्णव मन्दिरों को भग्न किया था!! शकों और हूणों के धर्म का यह हाल था कि जहां जाते वहीं के धर्म के बाहरी रंगरूप में रंग जाते, परन्तु बर्बरता उनकी अक्षुण्ण रहती थी। उनके सिक्कों पर यूनानी, ईरानी, बौद्ध, शैव और वैष्णव मतों की खिचडी अंकित है! एक ओर कोई यूनानी देवता दूसरी ओर कोई भारतीय!"×

'સિકંદરના ગયા પછી મૌર્યોના શાસન કાલમાં ભારતને ઘણા વખત સુધી, સુખ-શાન્તિ મળતી રહી. મૌર્યોની સત્તા ક્ષીણ થઈ તે દરમ્યાનના સમયમાં શક–હૂણ વગેરેએ ઉત્તર–પશ્ચિમમાંથી તીડના ટોળાની જેમ ધસારો કર્યો ને ભારતીય સંસ્કૃતિને ડોલાયમાન કરી નાખી. મૌર્યોના ઉત્તરાધિકારી શુંગોએ[1] મધ્ય દેશના યવનો અને ઉત્તરમાં આવેલા શક-હૂણોના દમન માટે ઘણો પ્રયત્ન કર્યો, પરંતુ આ આક્રમણકારીઓનો પ્રવાહ સામાન્ય જ રોકી શકાયો.

'ધાર્મિક વિવાદોથી પેદા થયેલ કલહે સમાજને બહુ અસ્ત–વ્યસ્ત ને નિર્બળ કરી નાખ્યો હતો. અનેક ભારતીય બૌદ્ધો, શક-હૂણોને આક્રમણ માટે આમંત્રણ દેતા હતા.[2] તેનાં કંઈ કારણ પણ હતાં. એક શુંગ રાજાએ સાંચીના કેટલાક બૌદ્ધ સ્તૂપોને તોડી નંખાવ્યા હતા. વિદેશી બૌદ્ધોએ શૈવ અને વૈષ્ણવ મંદિરોને તોડ્યાં હતાં. શક અને હૂણોના ધર્મની એ હાલત હતી કે તેઓ જ્યાં જતા ત્યાંના ધર્મના બાહ્ય રૂપરંગમાં રંગાઈ જતા, છતાં એમની બર્બરતા અક્ષુણ્ણ રહેતી. તેમના સિક્કા પર યૂનાની, ઈરાની, બૌદ્ધ, શૈવ, અને વૈષ્ણવ મતોની ખીચડી અંકિત રહેતી. એક તરફ કોઈ યુનાની દેવતા તો બીજી તરફ કોઈ ભારતીય.'

શ્રીયુત વર્માજીની ઉપર આપેલી પંક્તિઓમાંથી પણ વાચક, ઈતિહાસ તારવી શકે છે. અલબત્ત, જો શક કે હૂણ માત્ર શૈવ ધર્મી જ હોત તો તેઓ વર્માજીના કોપના આટલા ભોગ ન થાત પણ તેઓ તો શૈવ ધર્મ ઉપરાંત ભારતના અન્ય ધર્મોને પણ માનતા, ઉદારતાથી એમનાં પવિત્ર દેવ દેવીઓને પોતાના સિક્કાઓમાં સ્થાન આપતા : આ વાતો વર્માજીને ગમતી નથી. તેઓ તેને 'ખીચડી' કહી તિરસ્કારથી જુએ છે. અંગ્રેજ સરકાર પોતાના સિક્કા ઉપર એક તરફ મહાત્મા ગાંધીજી, સુભાષબાબુની કે અશોકચક્રની છબી અંકિત કરત, ને બીજી તરફ પોતાના રાજાની તો તે માન પ્રશંસાને યોગ્ય થાત કે અયોગ્ય! પણ શ્રી વર્માજીની દૃષ્ટિ પહેલેથી વિકૃત છે, એટલે વિકૃત દૃષ્ટિને યોગ્ય સૃષ્ટિ તેમણે સરજી છે.

આ રીતે જે કલ્પનાપૂર્ણ દ્વેષભરી તલવારથી જૈન અને બૌદ્ધ ધર્મની, જૈન સંસ્કૃતિની,

---

૧ આ શુંગો સ્વામીહત્યાદ્વારા ઉત્તરાધિકારી બન્યા હતા એ યાદ રાખવા જેવું છે.

૨ આના મૂળમાં કદાચ બૌદ્ધધર્મી મૌર્ય રાજાની હત્યા વૈષ્ણવ રાજાએ કરેલી કેમ કારણભૂત ન હોય! એ વિચારવા જેવું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ને જૈન સંમાન્ય વીરોની ગૌરવગરિમાની હત્યા કરવાનો તેમણે પ્રયાસ કર્યો છે, એ જ તલવાર તેમના પોતાના ઇષ્ટજન ને ઇષ્ટદેવ માટે પણ વપરાય તેમ છે. પણ એથી 'ધોબીએ ધોબી. વાળો ન્યાય થાય' તેમ હોવાથી અમે એ જતું કરીએ છીએ. અમે તો માનીએ છીએ કે શૈવ કે વૈષ્ણવ સંસ્કૃતિ જ માત્ર આર્ય કે ભારતીય સંસ્કૃતિ નથી, પણ બ્રાહ્મણ, જૈન ને બૌદ્ધ સંસ્કૃતિની પવિત્ર ત્રિવેણીમાં જ ભારતીય સંસ્કૃતિનું મધુ છુપાયેલું છે.

બેતુકી વાતોથી ભરેલું આખું પુસ્તક

આ આખું પુસ્તક આવી બેતુકી વાતોથી ભરેલું છે, ને લેખકે તેમાં પોતાના હૃદયનું ઝેર પાને પાને ઠાલવેલું છે. એમણે ઈતિહાસની તો એવી મટ્ટી પલિત કરી છે, કે આપણા આવા સાહિત્યકારો માટે શરમથી માથું નીચું ઢળી જાય છે. આજના બિનસાંપ્રદાયિક જમાનામાં જૂની વિભાજન નીતિના પ્રચારથી કે પૂર્વગ્રહ ને આભડછેટના રોદણાં રડવાથી લેખક શું હાંસલ કરવા માગે છે? તેઓ પોતાની પ્રસ્તાવનામાં કહે છે, કે "ધાર્મિક વિવાદોથી પેદા થયેલ કલહે સમાજને બહુ અસ્ત-વ્યસ્ત ને નિર્બળ કરી નાખ્યો હતો." (જુઓ પૃ. ૬) વર્માજી આ નવો વિવાદ પેદા કરી નવું શું સાધવા માગે છે? તેઓ પોતે કઈ શતાબ્દીમાં જીવવા જનતાને લઈ જવા માગે છે?

ભૂમિકાલેખક ડૉ. અમરનાથ ઝાનું આ વિકૃત કૃતિને સમર્થન

આ પુસ્તક વિષે આટલું લખ્યા પછી, આ પુસ્તકને પોતાની ભૂમિકાથી વિભૂષિત કરનાર કાશી વિશ્વવિદ્યાલયના વાઇસ ચાન્સલેર માનનીય ડૉ. શ્રી. અમરનાથ ઝા વિષે બે શબ્દ કહેવાના પ્રાપ્ત થાય છે. એ સુવિદિત વાત છે, કે આજકાલ કેટલીકવાર આપણા વિદ્વાનો પુસ્તકનું મુખ જોવા કરતાં માત્ર લેખકનું મુખ જોઈને જ સારી-ખોટી પ્રસ્તાવના લખી આપે છે. જો એમ ન હોત તો ડૉ. શ્રી અમરનાથ ઝા જેવા વિખ્યાત વિદ્વાને આવી અગડમ્ બગડમ્ રીતે લખાયેલી, કેવળ સાંપ્રદાયિક દ્વેષને વધારનારી કે વ્યક્ત કરનારી અને ઇતિહાસના ખૂન ઉપર જ રચાયેલી આ કૃતિને તેમણે પોતાની સંમતિની મહોર ન મારી હોત, અને લેખકને પ્રેમચંદજી કે પ્રસાદજી કરતાં પણ વધુ શ્રેષ્ઠ બતાવ્યા ન હોત. વર્માજીની સાહિત્યસેવા પરત્વે જનતામાં માનની લાગણી હોય ને વિદ્વાનોને તે માટે આદર હોય તેની ના નથી. અમે પણ સાહિત્યકારના આવા આદરના સહભાગી બનીએ છીએ. છતાં એ માન એવું ન હોવું જોઈએ કે ખુદ લેખકનું જ અપમાન કરે. ભારતીય ઇતિહાસની ઝલક એટલે પરદેશની રીતે સતી સાધ્વી સ્ત્રીઓને પ્રણયલીલી રમતી બતાવવી તે? માનનીય ઝા સાહેબ જરૂર ખુલાસો કરે, કારણ કે આ જમાનો બિનસાંપ્રદાયિક છે, ને એમાં કોઈ ધર્મને ગલીચ રીતે ઉતારી પાડવાનો કોઈ ધર્મવાળાને હક નથી.

આધુનિક યુગ માટે તદ્દન નિરર્થક ક્લેશકર આ કૃતિના ભાષા-ભાવ વિષે ભારોભાર વખાણ કરતાં ડૉ. ઝા. કહે છે, કે 'જો આ નાટક કુશલ પાત્રો દ્વારા ભજવાશે તો પ્રેક્ષકોને ભારતના ભૂતકાળની એક અપૂર્વ ઝાંકી જોવા મળશે.'

અમને લાગે છે, કે ભારતના ભૂતકાળની ઝલક એટલે શૈવધર્મની મહત્તા ને જૈન તથા બૌદ્ધ ધર્મની નિંદા એમજ બનારસ વિશ્વવિદ્યાલયના ઉપકુલપતિ માનતા હશે. ભારતીય ઇતિહાસની ઝલક એટલે પરદેશની રીતે સતી સાધ્વી સ્ત્રીઓને પ્રણયલીલા રમતી બતાવવી તે? માનનીય ઝા સાહેબ જરૂર ખુલાસો કરે, કારણ કે આ જમાનો બિનસાંપ્ર-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દાયિકતાનો છે, ને એમાં કોઈ ધર્મને મલીચ રીતે ઉતારી પાડવાનો કોઈ ધર્મવાળાને હક નથી.

વિદ્વાન ભૂમિકાલેખકે ગ્રંથ પૂરો વાંચ્યો નથી?

અમે તો એમ માનવા પ્રેરાઈએ છીએ, કે—ડૉ. અમરનાથ ઝાએ આ ગ્રંથ વાંચ્યો જ નથી. તેઓ એક જગ્યાએ લખે છે, કે **इतिहासकी बातोंको बदलनेका लेखकको अधिकार नहीं।**' તો ઈતિહાસપ્રસિદ્ધ એક સતી સ્ત્રીને મોહી ને નિર્બળ સ્ત્રી બતાવવી એમાં વિદ્વાન મહાશય ઈતિહાસની ક્ષતિ નથી માનતા? આવા ઇતિહાસની વિકૃતિથી ભરેલા ગ્રંથને અંજલિ આપતાં વળી તેઓશ્રી લખે છે.

"**केवल ऐतिहासिक दृष्टिसे देखा जाय तो भी नाटक आदरका पात्र है।**"

માનનીય વિદ્વાનની કેવી રીતે ટીકા કરવી તે પણ સમજાતું નથી. છેવટે અમે વિદ્વાન ભૂમિકાલેખક મહાશયનાં ઉપસંહારનાં વાક્યો વાચકોની સમક્ષ રજૂ કરીએ છીએ.

"मेरी सम्मति में ऐसी उत्तम पुस्तक यदि विद्यार्थियों को पढने को मिले, तो मनोरञ्जन के साथ साथ उनको भारतीय संस्कृति से भी परिचय होगा और उनको अच्छा उपदेश मिलेगा।"

"મારી સંમતિમાં આવી ઉત્તમ પુસ્તક જો વિદ્યાર્થીઓને વાંચવા મળે તો મનોરંજનની સાથે સાથે તેમનો ભારતીય સંસ્કૃતિઓ સાથે પરિચય થશે અને તેઓનો સારો ઉપદેશ મળશે." (ભૂમિકા, પૃ. ૨)

અમને તો એમ કહેતાં પણ સંકોચ નથી થતો કે શ્રી અમરનાથ ઝા ઈતિહાસની સાક્ષીએ આ નાટકનું અવલોકન કરે તો આજે પણ તેમને એ માટે ખેદ થયા વગર નહીં રહે. જરૂર છે માત્ર તટસ્થરીતે પુસ્તકનું અવલોકન કરવાની ને ફુરસદ મેળવવાની. ભારતીય સંસ્કૃતિ એટલે શું શૈવ સંસ્કૃતિ માત્ર? અને એનો ઉપદેશ એટલે શું? આઝાદહિંદના વિદ્યાર્થીઓને શું ડૉ. અમરનાથ ઝા જૂના ધાર્મિક કલેશકર વિવાદોના કાદવમાં હજીય રચ્યાપચ્યા રાખવા માગે છે? અમે તેનો જવાબ માગીએ છીએ.

પ્રાંતના માનનીય કેળવણી–પ્રધાન પણ લક્ષ આપે

અમે મધ્ય પ્રાંતની સરકાર અને માનનીય શિક્ષામંત્રીનું પણ ધ્યાન આ તરફ ખેંચવા માગીએ છીએ, અને કહેવા માગીએ છીએ કે આઝાદ હિંદમાં હવે આવાં અનિષ્ટકારી પુસ્તકોનો નાશ ન થયો તો ન જાણે ભારત ફરીથી સાંપ્રદાયિક દ્વેષમાં ક્યાં જઈને ઊભું રહેશે ને એના ઈતિહાસમાં ન જાણે કેવી વિકૃતિ આવી જશે.

પ્રાન્તે અમે માનીએ છીએ કે વર્માજીએ ભલે ગમે તેટલી સાહિત્યસેવા કરી હોય પણ આ કૃતિના નિર્માણથી તેમણે દૂધથી ભરેલા ઘડામાં વિષનું સિંચન કર્યું છે; તેમણે સત્યરૂપી ઈશ્વરનો, આર્યસંસ્કૃતિનો અને જૈનસમાજનો દ્રોહ કર્યો છે. શું આ દ્રોહને યોગ્ય પ્રાયશ્ચિત્ત કરી વર્માજી પોતાની સુજનતાની સાબિતી આપશે?

આઝાદ ભારતના નવસાહિત્ય–નિર્માતાઓ કઈ દિશા તરફ જઈ રહ્યા છે, એ કંઈ સમજાતું નથી. હમણાં જ સમાચાર મળે છે, કે પ્રયાગના 'છાત્રહિતકારી પુસ્તકમાલા, દારાગંજ' તરફથી 'બૌદ્ધ કહાનિયાં' નામનું પુસ્તક પ્રગટ થયું છે, તેના લેખક 'વ્યથિતહૃદય' નામક ઉપનામધારી છે. તેમણે ભ. મહાવીર ને જૈન સાધુઓનું વિકૃત ચિત્ર આપી, ઠેર ઠેર ગાલીપ્રદાન કર્યું છે. આ જાતના નવાં કલેશકારક પુસ્તકો પ્રગટ કરી દેશનું શું ભલું કરવાનું છે, તે તો તેના લેખકો જાણે. પણ આપણા કેળવણી ખાતાના અધિકારીઓને નમ્રસૂચના છે, કે કૃપા કરીને આવા સાહિત્યનો ભારતની આવતી કાલની આશા સમાન વિદ્યાર્થીઓના અભ્યાસક્રમમાં ભૂલથી પણ સમાવેશ ન કરશો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રતીકાર ને પ્રત્યુત્તર

"કેટલીક મિથ્યા કલ્પનાઓ."

લેખક : પૂજ્ય મુનિરાજ શ્રીન્યાયવિજયજી (ત્રિપુટી)

આજકાલ કેટલાક નવયુવાન ઉત્સાહી લેખકો લખવાની શરૂઆત કરતાં આપણા પ્રાચીન પૂજ્ય પુરુષોના જીવનપ્રસંગો આલેખે છે અને એમાં કલ્પનાના રંગો ચિતરી જીવનપ્રસંગોને વિચિત્ર કરી મૂકે છે. સોલંકી યુગની કીર્તિકથાના હેઠળ રજુ કરાયેલી કથા કેવી વિકૃત છે તે હું 'જૈન' પત્રના પહેલાંના અંકમાં રજુ કરી ગયો છું. ત્યાં એવી જ બીજી વિકૃત કથાનો પ્રસંગ આપું છું. સુજ્ઞ વાંચકો આ વાંચીને લેખકનું કેટલું અજ્ઞાન છે તે સહેજે સમજી શકશે.

પટણાથી પ્રકાશિત થતા 'પ્રદીપ' ના રોપ્યરી-વિશેષાંકમાં શ્રીયુત 'રમણ' નામના લેખકે 'મહાવીરકે અન્તિમ શબ્દ" નામક એકાંકી નાટિકા રજુ કરી છે. લેખકે શરૂઆતમાં લખ્યું છે કેઃ—

"वैशालीके लिच्छवीवंशीय राजाके पुत्र वर्द्धमान बचपनसे विरक्त होते हुए भी विवाहके बाद एक पुत्रीका जन्म दे तीस वर्षकी अवस्थामें गृह त्यागकर श्री पार्श्वनाथजीके शिष्य हो गये और बारह वर्षोंकी तपस्याके बाद महावीर जिन कहलाए। ८० वर्षकी उमरमें पटनाके पास 'पावा' नामक स्थानमें उनकी मृत्यु हुई। मृत्युके समय उन्होंने जैनधर्मके प्रधान उपदेशोंकी पुनरावृत्ति भी की।"

વાંચકો સમજી શકશે કે 'પાર્શ્વનાથજીકે શિષ્ય હો ગયે" આ વાત જ તદ્દન અસત્ય છે. એક સામાન્ય જૈન પણ જાણે છે કે તીર્થંકરોને તીર્થંકરના ભવમાં કોઈનું શિષ્યત્વ હોતું જ નથી. મહાવ્રત ઉચ્ચારતી વખતે 'કરેમિ ભંતે' માંનું ભંતે બોલતા નથી.

"૮૦ વર્ષકી ઉમરમેં" પણ તદ્દન ખોટું વિધાન છે. તેઓશ્રીનું આયુષ્ય ૭૨ વર્ષનું જ છે. લેખક મહાશયે 'મહાવીરચરિત્ર' વાંચ્યું હોત તો આવી ભૂલ ન થાત.

આગળ ઉપર કાલ્પનિક સંવાદો રજુ કર્યા છે. પિતા, મંત્રી વગેરેના સંવાદો તદ્દન કલ્પિત જ છે. પછી ચિત્રા દાસીઓ અને યુવરાજ્ઞી સાથેના સંવાદો પણ કલ્પિત જ છે. પણ અન્તિમ દૃશ્યમાં લેખકે કલ્પનાના ગોળા જ ગબડાવ્યે રાખ્યા છે.

"आसपास अनेक जैनभिक्षु मौजुद हैं जो उपचारमें लगे हुए हैं। कइ दिनोंसे अवस्था अत्यन्त चिन्ताजनक है। अत्यन्त क्षीण रुग्ण अवाजमें थकावट लिये हुए है।"

લેખકની આ કલ્પના તદ્દન અવાસ્તવિક અને સત્યથી વેગળી છે. ભગવાન શ્રીમહાવીર-દેવ તો અન્તિમ અવસ્થામાં સોલ પહોરની અખંડ દેશના–ધર્મદેશના દેતા દેતા જ નિર્વાણ પામ્યા છે. નથી શરીરમાં વ્યાધિ, નથી અવાજમાં ખામી કે નથી થકાવટ. તેમાં તેમને ઉપચારની જરૂર કે સેવાની જરૂર પડી નથી. અન્તિમ સમયે નથી રાખી શય્યા કે બીજું કાંઈ સાધન. એમને તો અન્તિમ સમયે ચોવિહારો છઠ છે—બે—ઉપવાસ કર્યા છે અને સોલ પહોર અખંડ દેશના દેતા જ નિર્વાણ પામ્યા છે. હજી લેખક કલ્પનાના તરંગે ચડતા લખે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

महावीर–पानी, पानी ! मित्रो !

शिष्य–अभी लाया देवता ! ।

महावीर–हां, शीघ्र लाना, मुक्त होनेमें अधिक देर नहीं है ।

શું લેખક કલ્પનાનાં મોજાં ઉછાળી રહ્યો છે! ભગવાન મહાવીરસ્વામી તો આસો વદિ (હિન્દી કાર્તિક વદિ) ૧૪ના ચૌવિહારો છઠ—બે ઉપવાસ કરીને અમાસની પાછલી રાત્રે નિર્વાણ પામ્યા છે. પછી પાણીની જરૂર ક્યાંથી હોય! શ્રદ્ધાળુ જૈનો પણ રાત્રિના ભોજન અને પાણીનો ત્યાગ કરે છે. સાધુઓને તો અવશ્ય ચૌવિહાર જ હોય છે. પછી તીર્થંકર ભગવંતના મોંમાંથી ઉપરના શબ્દો કહાવવા તે તદ્દન અનુચિત જ લાગે છે. લેખક હજી આગળ ભગવાનની દીનદશા બતાવે છે અને પાણી પાણી કરે છે. શિષ્ય પાણી તો લાવ્યા છે પણ જૂઓ તે પાણી કેવું છે તે—

पहेला शिष्य–पानी लाया, महाप्रभु ! ।

महावीर–ऐं पानी ! पानी ले आए ! कहांसे लाये भद्र ! छान तो लिया है न ?

पहेला शिष्य–नहीं देवता ! छाननेका कोई विशेष प्रयोजन नहीं है ।

महावीर–हैं ! प्रयोजन नहीं ? असंख्य कीडे-मकोडे पानीमें भी रहते हैं । अहिंसाकी मांग है कि पानी छानकर पिया जाय । जैनभिक्षु इसे माना करे ।

शिष्य–यही होगा ! आप जल ग्रहण करें । ”

ખરેખર, લેખકે કલ્પનાનો દોર છૂટો મુકવામાં અહીં તો હદ જ વાળી નાખી છે. વળી ભગવાન મહાવીરસ્વામી પૂછે છે; પાણી ગળીને લાવ્યા છો ત્યારે શિષ્ય કહે છે કે પાણી ગળવાની જરૂર છે? આજના વિજ્ઞાનયુગમાં તો પ્રસિદ્ધ થઈ ચૂક્યું છે કે પાણીમાં પણ જીવો છે. આજના સામાન્ય જૈનો પણ પાણી ગળીને જ પીએ છે જ્યારે લેખક ગળ્યા વગરના પાણી માટે પ્રશ્ન પુછાવે છે કે પાણી ગળવાની શી જરૂર છે? લેખકને એટલું જ્ઞાન હોત કે જૈન સાધુઓ ઉકાળેલું ગરમ પાણી જ વાપરે છે તો આવી મિથ્યા કલ્પનાને અવકાશ જ ન મળત.

ભગવાન મહાવીરદેવ ઉપદેશ આપવાની શરૂઆત કરે છે અને શિષ્યો કહે છે.

शिष्यो–“ आराम कीजिए, देवता ! । आपने जितना कह रखा है वही बहुत है । ”

ભગવાનને ઉપદેશ દેતાં કોઈએ ના પાડી જ નથી. લેખકે મથાળા ઉપર આપેલા શબ્દો “મહાવીરકા અન્તિમ ઉપદેશ”માં ફક્ત દશ પંક્તિ ઉપદેશની માંડ આપી હશે. એમાં પણ “સદાચાર ઔર સત્કર્મ હી પૃથ્વી પર ઈશ્વર ઔર વેદ હૈ.” આ ઉપદેશ ન અપાણ્યો હોત તો ચાલત. અન્તમાં લેખક વૈશાલીને સંદેશો કહેવરાવે છે, તે પણ અસત્ય અને કલ્પનામાત્ર જ છે.

ભગવાનના કેવળજ્ઞાન પછી તો ભગવાનની પુત્રીએ દીક્ષા લીધી છે અને ત્યારપછી તેમનાં પત્ની પણ મૃત્યુ પામ્યાં છે. પછી સંદેશો કહેવરાવવા જેવું રહેતું જ નથી.

ખરેખર! આવા કલ્પનાપ્રધાન લેખકો આવું માત્ર કલ્પિત જ લખે છે તેના કરતાં જૈન સાહિત્ય વાંચે, ભણે, અને પછી લખે તો સારું કહેવાય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વ્રતપાલન

[આજની ચાલુ પરિસ્થિતિ માટે આ વાર્તા કેટલી ઉપયુક્ત છે એનો ખ્યાલ સહજમાં આવી જાય છે. આજે સંઘરાખોરી કરનાર અને વ્રત લઈને પણ અપવાદ માર્ગો શોધનારા માનવીને આ વાર્તા વાસ્તવિક બોધપાઠ આપે છે. એક વ્રતને બીજા વ્રત સાથે કેટલો સંબંધ છે તેનો વાસ્તવિક મર્મ સમજનાર એક જ વ્રતના પાલનથી પોતાનું આત્મકલ્યાણ કરી શકે એ આપણા સેંકડો ઉપદેશ ગ્રંથોનો સાર છે અને એનું રહસ્ય આ વાર્તામાં ગૂંથાયેલું છે. સં.]

એક વાર એક જૈન સાધુ ભિક્ષા લેવા જઈ રહ્યા હતા. રસ્તામાં એક મનુષ્યે તેમને વિનંતિ કરી:

"મહારાજ ! મારે ઘેર ભિક્ષા લેવા પધારો."

"ના, હું તારે ત્યાં નહિ આવું." મુનિએ જવાબ વાળ્યો.

"મહારાજ ! એમ કેમ ?"

"કેમકે તેં કોઈ વ્રત અંગીકાર કર્યું નથી."

"ઠીક, તો હું વ્રત લઉં છું. આપ મને વ્રત આપો. પછી તો આપ આવશોને ?"

"કયું વ્રત લઈશ ? શું મદ્યપાન ન કરવાનું વ્રત લઈશ ?"

"ના, મહારાજ ! એ કેવી રીતે નભી શકે ? બીજું કોઈ વ્રત આપો."

"તો પછી આજથી જુગાર ન રમવાનું વ્રત લે."

"મહારાજ ! જુગાર રમ્યા વિના કામ કેમ ચાલી શકે ?"

"તો વ્યભિચાર ન કરવાનું વ્રત લે."

"આપ શું કહી રહ્યા છો, મહારાજ ! શું એવું વ્રત કદી લઈ શકાય ?"

"ઠીક, તો ચોરી ન કરવાનું વ્રત લે."

"તમે તો વિચિત્ર વાત કરી રહ્યા છો, મહારાજ ! જો હું ચોરી ન કરું તો પછી ખાઉં શું ?"

"તો પછી સત્ય બોલવાનું વ્રત લઈ શકીશ ?"

ત્યારે એ મનુષ્યે વિચાર કર્યો કે આ વ્રત જ એક એવું વ્રત છે જેમાં કંઈ પણ છોડવું પડતું નથી. તેણે તરત જ જવાબ વાળ્યો: "સારું, આજથી હું એ વ્રત લઉં છું."

વ્રત લીધા પછી બીજે જ દિવસે તેને મદિરા પીવાની ઇચ્છા પ્રબળ થઈ, પરંતુ વ્રતની યાદ આવી જતાં તે વિચારવા લાગ્યો કે મદિરા પીધા પછી તેના નશામાં જો જૂઠું બોલાઈ જાય તો મેં જે સત્ય વ્રત લીધું છે તેનો ભંગ થશે. પછી તેને જુગાર રમવાની અને વ્યભિચારની ઇચ્છાઓ થઈ આવી, પરંતુ તેનો વિચાર કરતાં તેના મનમાં એવો અનુભવ થવા લાગ્યો કે આ બધી વાતોમાં સત્ય વ્રતને સર્વાંગ રૂપે નભાવવું કઠણ છે. તેમ છતાં ચોરી કર્યા વિના મારું કામ ચાલી શકે એમ નથી. કેમકે ચોરી કર્યા વિના મારો જીવનનિર્વાહ કેવી રીતે ચાલે ?"

થોડીવાર સુધી તેણે ખૂબ વિચાર કરીને નિશ્ચય કર્યો કે ચોરી કરવી તો એવી કરવી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કે જેનાથી જીવન પર્યંત ગુજારો કરી શકું. એક વાર ચોરી કરી આવ્યા પછી ઘરમાં બેઠો બેઠો હું ખાઈ શકું, અને એથી જ્યારે મારે ઘરથી બહાર નીકળવાનો પ્રસંગ જ નહિ આવે તો પછી જૂઠું બોલાશે જ ક્યાંથી? અને ચોરી પણ એવા ઘરમાં કરવી જોઈએ જેથી તેને પણ દુઃખ ન થાય અને વધુમાં વધુ મૂલ્યવાન વસ્તુ લાવી શકું.

ઠીક, તો જાઉં ને આજે રાજાના મહેલમાં જ ખાતર પાડું. કેમકે તેની પાસે વધારેમાં વધારે સંપત્તિ છે. આ રીતે વિચાર કરીને તે ચોરી કરવા નીકળી પડ્યો.

માર્ગમાં તેને સિપાહીઓ મળ્યા. તેમણે તેને પૂછ્યું. "ઊભો રહે, તું કોણ છે?"

"હું ચોર છું." તેણે કહ્યું.

"ક્યાં જાય છે?" સિપાહીઓએ ફરી પૂછ્યું.

"રાજમહેલમાં ચોરી કરવા જાઉં છું." તેણે જવાબ આપ્યો.

આ કોઈ ગાંડો માણસ લાગે છે એમ સમજીને તેને જવા દીધો. આગળ જતાં રાજમહેલના દરવાનોએ તેને એવા જ પ્રશ્નો કર્યા અને બધાને તે એક જ રીતના જવાબો આપી આગળ વધ્યો. રાજમહેલ પાસે આવીને તેણે જોયું તો તેની એક બારી ખુલ્લી હતી. એ બારી વાટે તેણે પ્રવેશ કર્યો.

મહેલમાં અનેક પ્રકારની વસ્તુઓ હતી એ સુંદર વસ્તુઓ જોઈને તેણે વિચાર કર્યો કે આ ચીજ મારે શું કામ આવશે? આને લઈ ને હું શું કરું? અને આ ચીજોને છુપાવી લઈ જવીયે કઠણ છે, કદાચ છુપાવીને લઈ પણ જાઉં છતાં જૂઠું બોલ્યા વિના જરાયે ચાલી નહિ શકે. આ પ્રકારે વિચાર કરતાં કરતાં તેની નજર ત્યાં પડેલી એક ડબ્બી ઉપર પડી. તેણે તે લઈ લીધી. તેને ઉઘાડી જોયું તો તેમાં સાત રત્નો હતાં.

ચોરે વિચાર કર્યો કે આટલાં બધાં રત્નોની મારે શી જરૂર છે? મારા પોતાને માટે તો ચાર રત્નો જ બસ છે. તેણે તેમાંથી ચાર રત્નો લઈ પોતાના કપડાના છેડે બાંધી લીધાં ને બાકીનાં ત્રણ રત્નો એ ડબ્બીમાં રહેવા દીધાં. ડબ્બીને જેમ હતી તેમ બંધ કરી એ જ સ્થળે મૂકી દીધી અને પોતે બારીના જ માર્ગે નીકળી પોતાના ઘર તરફ ચાલી નીકળ્યો.

રસ્તે ચાલતાં તેને એક માણસે રોક્યો. તે પોતે રાજા હતો. વેષ બદલીને તે નગરચર્યા જોવા માટે નીકળ્યો હતો. તેણે ચોરને ઊભો રાખી પૂછ્યું: "તું કોણ છે?"

"હું ચોર છું."

"ક્યાંથી આવે છે?"

"ચોરી કરીને આવી રહ્યો છું."

"કોને ત્યાંથી?"

"રાજાના રાજમહેલથી."

"શું ચોરીને લાવ્યો છે?"

ચોરે રત્નો બહાર કાઢીને બતાવ્યાં. એ જોઈ રાજાએ કહ્યું: "વાત તો સાચી છે. તું ક્યાં રહે છે?"

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ચોરે પોતાનું ઠેકાણું બતાવ્યું અને બંને જણા પોતપોતાના રસ્તે પડ્યા. રાજા મહેલમાં જઈને સૂઈ ગયો.

સવારે બધાને માલુમ પડ્યું કે મહેલમાં ચોરી થઈ છે. મંત્રી તરત દોડી આવ્યો અને બધા સામાનની તપાસ કરવા લાગ્યો. તપાસ કરતાં બધો સામાન તેને જેમનો તેમ જોવાયો. છેવટે તેની નજર પેલી ડબ્બી ઉપર પડી. ડબ્બી ખોલીને જોયું તો તેમાં માત્ર ત્રણ રત્નો જ હતાં. મંત્રીને વિચાર આવ્યો કે ચોર કોઈ મૂર્ખ માણસ લાગે છે, જે ત્રણ રત્નો બાકી છોડી ગયો. તેણે એ ત્રણ રત્નો ઓહિયાં કરી લેવાનો સુંદર અવસર જોઈ ખીસામાં મૂકી દીધાં અને ડબ્બીને ઠેકાણે મૂકી દીધી.

રાજાની પાસે જઈને મંત્રીએ નિવેદન કર્યું કે, "મહારાજ! બીજી બધી વસ્તુઓ તો સલામત છે પરંતુ પેલી ડબ્બીનાં સાતે રત્નો ચોર લઈ ગયો છે."

રાજાએ બીજું કંઈ ન કહેતાં જણાવ્યું: "ચોરને પકડી તરત હાજર કરો."

કર્મચારીઓએ ચોરને પકડવાની ખૂબ કોશીશ કરી પરંતુ ચોર કોઈ પ્રકારે પકડી શકાયો નહિ. આ તરફ આ ચોરે એ ચાર રત્નોમાંથી એક રત્ન કોઈ વેપારીને આપીને તેની સાથે નક્કી કર્યું કે જ્યાં સુધી આ રત્નની કીમત પૂરી ન થઈ જાય ત્યાં સુધી મારે ત્યાં હંમેશાં ભોજન-સામગ્રી મોકલતા રહેવું. જ્યારે હિસાબ પતી જાય ત્યારે મને કહેવડાવવું. આ રીતે તેને ત્યાં હંમેશાં ભોજનનો સામાન પહોંચ્યા કરતો હતો અને તે નિશ્ચિંત બની ખાઈ-પીને પોતાના ઘરમાં એક ખાટલા પર પડ્યો રહેતો હતો. બહાર નીકળીને જૂઠું બોલવાનો પ્રસંગ આવે એવું કામ એણે રાખ્યું જ નહોતું.

જ્યારે ચોર કોઈ પણ રીતે પકડી ન શકાયો ત્યારે એક દિવસે, રાજાએ દરબાર ભર્યો. રાજાએ કર્મચારીઓ અને મંત્રીને પૂછ્યું કે, "તમે ચોરને પકડી શકો તેમ છો કે નહિ?" તેમણે આટલા દિવસના પરિશ્રમ પછી નિરાશ બનીને ના પાડી દીધી. ત્યારે રાજાએ એક માણસને ચોરનું ઠેકાણું આપી તે માણસને બોલાવી લાવવા ફરમાવ્યું.

એ માણસ જ્યારે તેના ઘેર ગયો ત્યારે એ પોતાના ઘરની બારી અધીં ખુલ્લી રાખીને આરામથી સૂઈ રહ્યો હતો. કોઈ અજ્ઞાત માનવીને પોતાના ઘેર આવેલો જાણીને તેના હૃદયમાં એવો આભાસ થયો કે હું પકડાઈ ગયો છું, એમ હોવા છતાં એના અંતરમાં ભય નહોતો."

ચોરને પકડી રાજા પાસે લાવવામાં આવ્યો! ત્યારે રાજાએ તેને પહેલો જ પ્રશ્ન પૂછ્યો કે, "તું કયો ધંધો કરે છે?"

"અન્નદાતા! હું ચોરીનો ધંધો કરતો હતો."

"કરતો હતો? હવે નથી કરતો?"

"ના મહારાજ! પહેલાં કરતો હતો, હવે કરતો નથી."

"ક્યારથી નથી કરતો?"

"જ્યારથી રાજમહેલમાં ચોરી કરી ત્યારથી."

"રાજમહેલમાંથી ચોરી કરી શું લઈ ગયો?"

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

"રત્નો."

"કેટલાં ?"

"ચાર"

"ક્યાં છે એ રત્નો ?"

"ત્રણ મારી પાસે છે."

"અને ચોથું ?"

"ચોથું રત્ન જે આ પાઘડીવાળા શેઠ સામે બેઠા છે તેમને આપ્યું છે."

શેઠ ગભરાઈ કહેવા લાગ્યોઃ "મહારાજ! મને ખબર નહોતી કે રત્નો આપનાં છે."

રાજાએ કહ્યું: "એ તો ઠીક છે." પછી ચોરને પૂછ્યું: "ડબ્બીમાં તો સાત રત્નો હતાં. એ સાતમાંથી ચાર ચોર્યાં હતાં કે વધારે ?"

"મહારાજ! ચાર જ લીધાં હતાં."

"ફક્ત ચાર જ કેમ ?"

"મારા ભરણપોષણ માટે એટલાં પૂરતાં હતાં, એમ સમજીને."

"તો પછી બાકીનાં રત્નો ક્યાં ગયાં ?"

"મહારાજ! અમે ચોર લોકો તો આવી વાત જલદીથી સમજી લઈએ છીએ. રત્નો ક્યાં ગયાં એ હું બતાવી દઉં ?"

"હા બતાવી દે."

"આ જે આપના મંત્રી છે તેમણે એ લીધાં છે."

મંત્રી આ વાત સાંભળીને ભયથી સ્તબ્ધ થઈ ગયો. રાજાએ પૂછ્યું: "મંત્રી, સાચું કહી દો. બાકીનાં ત્રણ રત્નો તમારી પાસે છે ?"

છેવટે રાજાની ક્ષમા માગતા મંત્રીએ એકરાર કર્યો.

આ ઘટના જોઈને દરબારમાં બેઠેલા લોકો આશ્ચર્યાન્વિત બની ગયા. રાજાને જિજ્ઞાસા થઇ આવતાં તેણે ચોરને પૂછ્યું: "આ બધી વાત શી છે ? આનું રહસ્ય શું છે ? તેં ચોરી કરી છે એ વાત સાચી છે અને તેનો તું સ્વીકાર કરી રહ્યો છે એનું રહસ્ય શું છે ? હજી સુધી એ સમજાતું નથી તો કહે."

ત્યારે ચોરે સાધુની પાસેથી વ્રત લીધાની આદ્યોપાંત ઘટના સંભળાવી. આખીયે સભા આ રહસ્ય સાંભળી ચકિત થઈ ગઈ. રાજા ખૂબ પ્રસન્ન થયો.

અંતે રાજાએ ફેંસલો આપતાં કહ્યું: "મંત્રી! આ મનુષ્યે તો પોતાના જીવનનિર્વાહ માટે માત્ર જરૂરિયાત પૂરતી જ ચોરી કરી હતી. તેમાં પણ ક્યાંઈ તેણે જૂઠું બોલ્યા વિના પોતાના વ્રતનું બરાબર રીતે પાલન કર્યું છે. પરંતુ તમારે તો ખાવા-પીવાની કાંઈ કમી નથી. છતાંયે વધુ સંગ્રહ કરવા માટે તમે ત્રણ રત્નો ચોરી લીધાં. આથી હવે જે સ્થળે આ ચોરને જવાનું હતું તે—જેલમાં તમે જાઓ અને તમારી જગાએ—મંત્રીપદ પર આ સત્યવ્રતીને કામ સોંપી દો."

"મિલાપ" માંથી] [અનુવાદકઃ અં.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

2000 Year old Civilisation unearthed M. P.

Indian art treasures which lay buried & out of sight for a number of centuries as a result of upheaval nature have been brought to light at the village of Ghasoi in Suvasra in Madhya Pradesh, seven miles off the Suvasra art centre, by Director of Centre, Mr. Nagesh Yawalkar.

Mr. Yawalkar, well known artist & sculptor, recently visited the village where, he said, thousands of art pieces had been found in a dry lake with a circumference of about four miles.

Some of these pieces are pillars on which are done beautiful engravings of human figures, while others are gold coins with figures of heads of donkeys.

Mr. Yawalkar said a number of beautiful imges & carvings had been found half-burried near the lake. Many more could be brought to light if a team of experienced archaeologists went to work in that village. Some of these images were 2000 years old, & gave a fairly satisfactory picture of the civilisation of that period, he added.

Remnants of a ruined Jain temple & of Samadhi may still be seen the.e as evidence of culture & great artistic excellence of people of those days.

He stated that he would report his discovery to the Archaelogical Department in a few days.

" Bharat " 31-7-50

★

ગ્રંથ-સ્વીકાર

૧. बुद्ध और महावीर तथा दो भाषण—(હિંદી) લેખકઃ કિશોરલાલ ધ. મશરૂવાળા. અનુ૦ શ્રી જમનાલાલ જૈન, પ્રકાશકઃ ભારત જૈન મહામંડલ, વર્ધા. મૂલ્ય એક રૂપિયો.

૨. उज्जवल प्रवचन—(હિંદી) પ્રવચનકારઃ મહાસતી ઉજ્જવલકુમારીજી. સંપા૦ શ્રી રત્નકુમાર જૈન, રત્નેશ પ્રકાશકઃ ભારત જૈન મહામંડલ, વર્ધા. મૂલ્ય દશ આના.

૩. અખાત્રીજનો મહિમા—લેખકઃ મુનિરાજ શ્રીનિરંજનવિજયજી મ. પ્રકાશક: નેમિ- અમૃત-ખાંતિ-નિરંજન ગ્રંથમાળા વતી શ્રી કપૂરચંદ દોશી, મહુવા. પ્રાપ્તિસ્થાનઃ જશવંતલાલ શાહ ઠે. ૧૨૩૮, રૂપાસુરચંદની પોળ, કિંમત બાર આના.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Shri Jaina Satya Prakasha. Regd. No, B. 3801 श्री जैन सत्य प्र

દરેકે વસાવવા યોગ્ય

શ્રી જૈન સત્ય પ્રકાશના વિશેષાંકો

(૧) શ્રી મહાવીર નિર્વાણ વિશેષાંક

ભગવાન મહાવીરસ્વામીના જીવન સંબંધી અનેક લેખોથી સમૃદ્ધ અંક : મૂલ્ય ૭ આના (ટપાલખર્ચનો એક આનો વધુ).

(૨) ક્રમાંક ૧૦૦ : વિક્રમ-વિશેષાંક

સમ્રાટ્ વિક્રમાદિત્ય સંબંધી ઐતિહાસિક ભિન્નભિન્ન લેખોથી સમૃદ્ધ ૨૪૦ પાનાનો દળદાર સચિત્ર અંક : મૂલ્ય દોઢ રૂપિયો.

શ્રી જૈન સત્ય પ્રકાશના બે વિશિષ્ટ અંકો

[૧] ક્રમાંક ૪૩-જૈનદર્શનમાં માંસાહાર હોવાના આક્ષેપોના જવાબ આપતા લેખોથી સમૃદ્ધ અંક : મૂલ્ય ચાર આના.

[૨] ક્રમાંક ૪૫-ક: સ. શ્રી હેમચંદ્રાચાર્ય મ૦ના જીવન સંબંધી અનેક લેખોથી સમૃદ્ધ અંક : મૂલ્ય ત્રણ આના

કાચી તથા પાકી ફાઈલો

'શ્રી જૈન સત્ય પ્રકાશ'ની ત્રીજા, પાંચમા, આઠમા, દશમા, અગિયારમા, બારમા, તેરમા તથા ચૌદમા વર્ષની પાકી ફાઈલો તૈયાર છે. મૂલ્ય દરેકના અઢી રૂપિયા

— લખો —

શ્રી જૈનધર્મ સત્યપ્રકાશક સમિતિ
જેશિંગભાઈની વાડી, ઘીકાંટા, અમદાવાદ.

મુદ્રક : ગોવિંદલાલ જગશીભાઈ શાહ, શ્રી શારદા મુદ્રણાલય, પાનકોર નાકા, અમદાવાદ.
પ્રકાશક : ચીમનલાલ ગોકળદાસ શાહ.
જૈનધર્મ સત્ય પ્રકાશક સમિતિ કાર્યાલય, જેશિંગભાઈની વાડી, ઘીકાંટા રોડ-અમદાવાદ.

For Private And Personal Use Only